ફાઈલ તારીખ:– ૨૭/૦૭/૨૦૨૩
દાખલ તારીખ:– ૨૭/૦૭/૨૦૨૩
ફેંસલ તારીખ:– ૦૧/૦૪/૨૦૨૬
અવધિ:– વર્ષ માસ દિવસ
૦૨–૦૮–૦૪

सत्यमेव जयते

## સ્પેશ્યલ પોક્સો જજ અને ત્રીજા એડીશ્નલ સેસન્સ જજની કોર્ટ સમક્ષ, મુ.ભરૂચ.

## ફોર્મ–એ

## પોકસો કેસ નં.૨૭/૨૦૨૩

**આંક–૫૭**

## એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.

વાગરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૫૬૨૩૦૧૧૬/૨૦૨૩

**ગુનો :–** ઈ.પી.કો. કલમ **354 A (1) (1)** ના ભંગ બદલ **354 A (2)** તથા **354, 354(B), 323, 504, 506(2), 447, 451, 452** અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ– **7** ના ભંગ બદલ **8, 9(L)** ના ભંગ બદલ **10** તેમજ કલમ– **11(4)** ના ભંગ બદલ **12**

| | |
|---|---|
| ફરિયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરિયાદી/સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.શ્રી જી.વી.વ્યાસ |
| આરોપી | **મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડ**<br>**ઉ.વ. ૨૫, ધંધો. નોકરી**<br>**રહે. નવીનગરી, પિપલીયા, તા.વાગરા, જી.ભરૂચ.** |
| આરોપી તરફે | વિ.વકીલશ્રી જે.એમ.પરમાર |

## ફોર્મ–બી.

| | |
|---|---|
| ગુના બન્યાની તારીખ | ૨૭/૦૨/૨૦૨૩ |

| | |
|---|---|
| ફરિયાદની તારીખ | ૨૧/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૭/૦૭/૨૦૨૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૩/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૫ |
| ચૂકાદો સરંક્ષિત રાખ્યાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો | – |

## આરોપીની વિગત :–

| ક્રમ | આરોપીઓના નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી | સીઆરપીસીની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડ | (૧) પહેલા ધરપકડ થયેલ નથી.<br>(૨) તા. ૨૪/૧૨/૨૦૨૪ થી કસ્ટડીમાં | – | ઈ.પી.કો. કલમ 354 A (1)(1) ના ભંગ બદલ 354 A(2) તથા 354, 354(B), 323, 504,506(2), 447, 451, 452 અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ– 7 ના ભંગ બદલ 8, 9(L) | શંકાના લાભ આપી છોડી મુકયા | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ના ભંગ બદલ **10** તેમજ કલમ– **11(4)** ના ભંગ બદલ **12** | | | |

**<u>મુદ્દામાલ.</u>**

| **ક્રમ** | **મુદ્દામાલ** | **મુદ્દામાલનું વર્ણન** |
|---|---|---|
| – | નીલ | – |

## <u>ચુકાદો</u>

**આ ચુકદામાં જાતિય ગુનાથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની જોગવાઈ મુજબ તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના ચુકાદામાંના સિધ્ધાંત મુજબ, ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો ''ભોગબનનાર'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

(૧) આ કામમાં ફરીયાદીની ફરીયાદ હકીકત જોવામાં આવે તો, ફરીયાદીએ તા. ૨૧/૦૩/૨૦૨૩ નાં રોજ ફરીયાદ આપેલ અને ફરીયાદમાં જણાવે છે કે, પોતે ફરીયાદમાં જણાવેલ સરનામે પોતાની દિકરી તથા માતા સાથે રહે છે અને સંતાનમાં પાંચ દિકરી છે અને બે દિકરીનાં લગ્ન થઈ ગયેલા છે અને ભોગબનનાર દિકરીની ઉંમર ૧૪ વર્ષ છે, તેનાંથી બે દિકરી નાની છે અને પોતાના પતિ સાથે સાતેક વર્ષ પહેલા છુટાછેડા થયેલા છે, તા. ૨૭/૦૨/૨૦૨૩ ના સાંજના પાંચક વાગ્યાનાં સમયે પોતે પોતાનાં ઘરમાં હાજર હતી અને ભોગબનનાર દિકરી ઘરની પાછળ વાડામાં ન્હાવા માટે ગયેલી અને થોડીવારમાં ભોગબનનાર બુમાબુમ કરતા પોતે દોડીને વાડામાં ગયેલી ત્યારે પોતાનાં ફળીયામાં રહેતો મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડ ભોગબનનારનો હાથ પકડી ગાળો બોલતો હોય, જેથી પોતે બુમ પાડી ભોગબનનાર દિકરીને છોડાવવા લાગેલ ત્યારે મહેશ ગાળો બોલી પોતાને ધકકો મારી નાસી ગયેલો અને પોતે ભોગબનનારને પુછતા તેણે જણાવેલ કે, હું વાડામાં નાવણીયામાં ન્હાવા આવી ત્યારે આ મહેશ અરવિંદ રાઠોડનાઓ

વાડાનાં પાછળનાં ભાગેથી આવી અને મારો હાથ પકડી મારા શરીરે અડપલા કરવા લાગેલો, જેથી મે બુમાબુમ કરતા મને ગાળો આપી કહેવા લાગેલો કે, કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ અને મે બુમાબુમ કરતા તમો આવી ગયેલા તેમ જણાવેલ હતું, આ મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડ ભોગબનનાર ઉંમર વર્ષ ૧૪ ન્હાવા ગયેલી ત્યારે તેનો હાથ પકડી શરીરે અડપલા કરી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય અને જે તે સમયે પોતે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની હોય, જેથી ઈજ્જત જવાની બીકે પોતે કોઈ ફરીયાદ કરેલ નહી, પરંતુ ત્યારબાદ પોતાનાં ફળીયાનાં નગીનભાઈ વસાવાએ હિંમત આપી ફરીયાદ કરવાનું જણાવતા ફરીયાદ આપીએ છીએ અને આ બનાવ તા. ૨૭/૦૨/૨૦૨૩ નાં રોજ સાંજના પાંચેક વાગ્યાનાં સમયે પોતાનાં ઘરની પાછળ વાડામાં બનેલ હોવાનું જણાવે છે અને પોતાનાં સાહેદ ફરીયાદમાં જણાવેલ તે તથા તપાસમાં નીકળે તે તેમ જણાવે છે અને આ ફરીયાદ વાગરા પો.સ્ટે. ગુ.ર. નં. .૧૧૧૯૯૦૫૬૨૩૦૧૧૬/૨૦૨૩ થી ગુનો તા. ૨૧/૦૩/૨૦૨૩ નાં રોજ ઈ.પી.કો. કલમ– **354** A, **504, 506(2)** તથા પોકસો એકટની કલમ– **7, 8, 12** મુજબનો ગુનો નોંધાયેલ અને ત્યારબાદ તપાસનાં અંતે આરોપી સામે ઈ.પી.કો. કલમ– **354** A, **504, 506(2), 447** તથા પોકસો એકટની કલમ– **7, 8, 12** મુજબનું ચાર્જશીટ તા.૨૭/૦૭/૨૦૨૩ ના રોજ રજુ થતા જે મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ સ્પે.પોકસો કેસ નં.૨૭/૨૦૨૩ થી રજીસ્ટરે લીધેલ. ત્યારબાદ આરોપીને સમન્સ કાઢતા, આરોપી હાજર થતા સાંભળીને આંક–૦૧ લગત હુકમ કરી આરોપી સામે ઈ.પી.કો. કલમ **354** A **(1) (1)** ના ભંગ બદલ **354** A **(2)** તથા **354, 354**(B)**, 323, 504, 506(2), 447, 451, 452** અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ– **7** ના ભંગ બદલ **8, 9**(L) ના ભંગ બદલ **10** તેમજ કલમ– **11(4)** ના ભંગ બદલ **12** મુજબનું આંક–૦૯ થી તહોમતનામું ઘડેલ

અને આરોપીનું આંક–૧૦ થી નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## ફોર્મ–સી

(૨) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

### (એ) ફરીયાદપક્ષ તરફે મૌખીક પુરાવા

| ક્રમ | સાહેદ નંબર | સાહેદ | વિગત | આંક |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ભોગબનનારની માતા | ફરીયાદ આપનાર | ૧૧ |
| ૨ | ૨ | ભોગબનનારની નાની | ભોગબનનારની નાની | ૧૩ |
| ૩ | ૩ | ભોગબનનારના મામી | ભોગબનનારના મામી | ૧૪ |
| ૪ | ૪ | વિલાસબેન ઉદેસંગ મંગળભાઈ રાઠોડ | ભોગબનનારના પાડોશી | ૧૫ |
| ૫ | ૫ | ભોગબનનાર | ભોગબનનાર | ૧૯ |
| ૬ | ૬ | કિરણભાઈ વાઘજીભાઈ ડામોર | પખાજણ ગ્રામ પંચાયત, તા.વાગરાના તલાટી કમ મંત્રી | ૨૨ |
| ૭ | ૭ | મનીષભાઈ ભગુભાઈ રાઠોડ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ | ૨૫ |
| ૮ | ૮ | ઠાકોરભાઈ શનાભાઈ સોલંકી | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ | ૩૧ |
| ૯ | ૯ | પ્રવિણભાઈ માવજીભાઈ વાઘેલા | પી.એસ.ઓ. | ૩૩ |
| ૧૦ | ૧૦ | રાજાભાઈ લખમણભાઈ ખટાણા | તપાસ કરનાર અમલદાર | ૩૫ |
| ૧૧ | ૧૧ | અનિતાબા કનકસિંહ જાડેજા | તપાસ કરનાર અમલદાર | ૪૩ |

## (બી) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| ક્રમ | વિગત | તારીખ | સાહેદ નં. | આંક |
|---|---|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૨૧/૦૩/૨૦૨૩ | ૧ | ૧૨ |
| ૨ | ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ નું નિવેદન અસલ | ૨૩/૦૩/૨૦૨૩ | ૪ | ૨૦ |
| ૩ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર અસલ (જન્મ તા. ૨૧/૦૩/૨૦૦૯) | ૨૦/૦૩/૨૦૨૩ | ૬ | ૨૩ |
| ૪ | જન્મ-મરણના રજીસ્ટરના ઉતારાની નકલ | - | ૬ | ૨૪ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૧/૦૩/૨૦૨૩ | ૭ અને ૮ | ૨૬ |
| ૬ | સ્ટેશન ડાયરીની ખરી નકલ | - | ૯ | ૩૪ |
| ૭ | કલમ ઉમેરાનો રીપોર્ટ અસલ | ૨૩/૦૩/૨૦૨૩ | ૧૦ | ૩૬ |
| ૮ | ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ- ૧૬૪ નું નિવેદન લેવા નામદાર કોર્ટને કરેલ યાદી | ૨૩/૦૩/૨૦૨૩ | ૧૦ | ૩૭ |

(૩) ફરીયાદ પક્ષ તરફથી વિ.પી.પી.શ્રી.એ પુરાવો પુરો થયાથી આંક-૪૪ થી પુરસીસ રજુ કરેલ ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ મહંદ અંશે ઈન્કાર કરતા જવાબ આપેલ છે અને આરોપી એ વિશેષમાં જણાવેલ છે કે, પોતે આરોપી તદ્દન નિર્દોષ છે, ભોગબનનારની માતાએ ખોટી ફરીયાદ આપેલ છે, ભોગબનનાર ખોટી જુબાની આપેલ છે અને પોતાના વિરૂધ્ધ પુરતા પુરાવા ના હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે, પોતાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરે છે.

(૪) આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું નિવેદન લીધા બાદ વિ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવી. વિ.એ.પી.પી.સુશ્રી તેમની દલીલમાં જણાવે છે કે, પ્રોસીકયુશન તરફે પારા–૨ માં જણાવ્યા પ્રમાણેનાં સાક્ષીઓ તપાસેલ છે અને દસ્તાવેજો રજુ કરેલ છે અને તે તપાસમાં આવેલ સાહેદો અને ભોગબનનારનો પુરાવો અને સાહેદ નં. ૬ તલાટીનો પુરાવો ઘ્યાને લેતા તથા આંક–૨૩ નો ભોગબનનારનો જન્મનો અસલ દાખલો તથા જન્મ રજીસ્ટર ઘ્યાને લેતા અને પુરાવો ઘ્યાને લેતા ભોગબનનારની જન્મ તા. ૨૧/૦૩/૨૦૦૯ ની હોવાનું અને ભોગબનનારની ઉંમર બનાવ વખતે ૧૪ વર્ષની હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરે છે અને તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો જોતા અને સાહેદોની ઉલટતપાસમાં આરોપીને મદદરૂપ થાય તેવી હકીકતો આવતી ન હોય તે ઘ્યાને લેતા, પ્રોસીકયુશન આરોપી સામેનો આંક–૦૯ નાં તહોમતનામાં મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને આરોપીને સખતમાં પુરેપુરી સજા અને દંડ કરવા અને ભોગબનનારને વળતર ચુકવવા વિ.એ.પી.પી.શ્રી વિનંતી કરે છે.

આરોપી તરફે વિ. વકીલશ્રી તેની દલીલમાં જણાવે છે કે, ફરીયાદ ૨૨ દિવસ મોડી છે અને નગીનભાઈનાં કહેવાથી ફરીયાદ કરેલ છે, સાહેદો કુટુંબનાં વ્યકિતઓ છે અને કહેવાતા બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે અને ભોગબનનાર તેનાં પુરાવામાં તથા પોલીસ રૂબરૂનાં નિવેદનમાં તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નાં નિવેદનમાં વિરોધાભાષી હકીકતો જણાવે છે અને તપાસવામાં આવેલ સાહેદોનાં પુરાવા ઘ્યાને લેતા, મહત્વનાં સાહેદો ભોગબનનારનાં નાની, મામી તથા સાહેદ વિલાસબેન પ્રોસીકયુશનનાં કેસને સમર્થન કરતા નથી અને ફરીયાદી પણ મહત્વની હકીકતે ફરી ગયેલા છે અને પ્રોસીકયુશન આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને પોકસો

એકટની કલમ–૨૯ અને ૩૦ નું અનુમાન પ્રોસીકયુશનને મદદરૂપ થતું નથી તેમ જણાવી આરોપીને છોડી મુકવા વિનંતી કરે છે.

(૫) આ કામમાં ઉપરોકત રજુઆતના અનુસંધાને મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થયેલ છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર સગીર વયના હતા અને ભોગબનનારની જન્મ તા. ૨૧/૦૩/૨૦૦૯ છે?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે તા.૨૨/૦૩/૨૦૨૩ના વીસ એક દિવસ પહેલા ભોગબનનાર કે જે બનાવ વખતે ૧૬ વર્ષથી નીચેની ઉંમરની હતી અને ભોગબનનાર તે રીતે ૧૬ વર્ષથી નીચેની ઉંમરની સગીર હોવાનું આરોપીએ જાણવા છતાં ભોગબનનાર તેના ઘરની બાજુમાં નાવડીયામાં બાથરૂમમાં બેસી નાહતી હતી ત્યારે આરોપી કે જે ભોગબનનારના ફળીયામાં રહે છે તે ભોગબનનારના નાવડીયાની પાળી કુદીને બાથરૂમમાં આરોપી આવી ગયેલ અને આરોપીએ આવીને ભોગબનનારને પકડી લીધેલ અને ભોગબનનારને આરોપીએ હાથ પકડેલ અને ભોગબનનારને બાથ પણ આરોપીએ ભરી લીધેલ અને ભોગબનનારે બુમો પાડતા, ભોગબનનારના માતૃશ્રી આવી ગયેલ અને આરોપીએ ભોગબનનારને તથા તેના માતૃશ્રીને ધકકો મારેલ અને આરોપીએ ભોગબનનારને મારેલ અને ગાલ ઉપર પણ સ્વૈચ્છાપુર્વક આરોપીએ ભોગબનનારને મારેલ અને વ્યથા કરેલ અને ત્યારબાદ આરોપી જતો રહેલો અને ભોગબનનારના ઘરની સામે આવીને ભોગબનનાર અને તેના માતૃશ્રી સાથે ઝઘડો કરેલ

અને તે રીતે ભોગબનનાર અને તેના માતૃશ્રી ઉપર પણ એસોલ્ટ કરેલ અને ભોગબનાનરના મામાને પણ આરોપીએ માર મારેલ અને તે રીતે સ્વૈચ્છાપુર્વક પણ આરોપીએ ભોગબનનારના મામાને તે રીતે વ્યથા કરેલ અને આરોપી ગુનો કરવાના ઈરાદે ભોગબનનારના ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને ગુનો કરેલ અને ભોગબનનારને ઉપર જાતીય હુમલો કરેલ ત્યારે આરોપીએ ભોગબનનારને સ્વૈચ્છાપુર્વક ઈજા કરેલ અને તે રીતે ઈંજરી કરેલ અને આરોપીએ તે રીતે એગ્રીવેટેડ સેકસયુલ એસોલ્ટ ભોગબનનાર ઉપર કરેલ, ભોગબનનારને ગાળો પણ આપેલ અને જાનથી મારી નાંખવાની ધમકી પણ આરોપીએ આપેલ અને તે રીતે આરોપીએ ગુનાહીત ધમકી આપેલ અને આરોપીએ ભોગબનનારની જાતીય સતામણી કરેલ અને ભોગબનનારનું અપમાન કરવાના ઈરાદે ગાળો આપેલ અને તે રીતે આરોપીએ ઈ.પી.કો. કલમ **354** A **(1) (1)** ના ભંગ બદલ **354** A **(2)** તથા **354, 354(B), 323, 504, 506(2), 447, 451, 452** અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ– **7** ના ભંગ બદલ **8, 9(L)** ના ભંગ બદલ **10** તેમજ કલમ– **11(4)** ના ભંગ બદલ **12** મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદાઓના મારા ન્યાયી નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાના મારા ન્યાયી નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧અને ૨**

(૮) આ મુદ્દા અંગે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામા આવે અને ભોગબનનારની જન્મ તા.૨૧/૦૩/૨૦૦૯ ની હોવાનું અને ભોગબનનાર બનાવ વખતે સગીર ઉંમરના હતા તે પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન ઉપર છે તે ધ્યાને લઈ રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આ કામે આંક–૧૧ થી ભોગબનનારના માતૃશ્રીનો સાહેદ નં.૧ તરીકે નો પુરાવો થયેલ છે અને આ સાહેદ ફરીયાદી પણ છે અને ફરીયાદીનો પુરાવો જોતા પોતે પોતાની પાંચ દીકરી સાથે પિયરમાં રહેતા હોવાનુ અને ભોગબનનાર ત્રીજા નંબરની દીકરી હોવાનુ અને ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૪ વર્ષની હતી અને તેનો જન્મ પીપળીયા મુકામે ઘરે થયેલ અને તેની જન્મની નોંધણી પોતાની માતાએ તલાટીને કરાવેલ તેમ સાહેદ જણાવે છે અને પોતાના પતિ પોતાના સાસુ સાથે ગાંધાર મુકામે રહે છે અને પોતે તેનાથી ૧૦–૧૫ વર્ષથી અલગ રહે છે અને બનાવ આશરે વર્ષ કે દોઢ વર્ષ પહેલા બનેલો, બનાવની તારીખ કે સમય પોતાને હાલ ચોકકસ યાદ નથી અને આ સાહેદ બનાવ બાબતે જણાવે છે અને આંક–૧૨ થી ફરીયાદ કર્યાનું અને તેમાં અંગુઠો પોતાનો હોવાનુ જણાવે છે આ સાહેદ અમુક હકીકતે બનાવ બાબતે ફરી ગયેલા જાહેર થયેલ છે તે બાબતના પુરાવાની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

(૯) પ્રોસીકયુશન તરફે આંક–૧૩ થી ભોગબનનારના નાની ને સાહેદ નં. ૨ તરીકે તપાસવામાં આવેલ છે આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર વિશે કઈ જણાવતા નથી અને આ સાહેદ અમુક હકીકતે બનાવ બાબતે જણાવે છે અને અમુક હકીકતે ફરી ગયેલા જાહેર થયેલ છે આ સાહેદના વિશેષ પુરાવાની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

(૧૦) પ્રોસીકયુશન તરફે આંક–૧૪ થી સાહેદ નં. ૩ તરીકે ભોગબનનારના મામી ને તપાસવામાં આવે છે આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર વિશે પુરાવામાં કઈ જણાવતા નથી. આ સાહેદના વિશેષ પુરાવાની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

(૧૧) પ્રોસીકયુશન તરફે આંક–૧૫ થી સાહેદ નં. ૪ તરીકે વિલાસબેન ઉદેસંગ રાઠોડને તપાસેલ છે આ સાહેદનો પુરાવો જોતા તે ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ વિશે કઈ જણાવતા નથી આ સાહેદ અમુક હકીકતે ફરી ગયેલા જાહેર થયેલ છે અને આ સાહેદના પુરાવાની વિશેષ ચર્ચા હવે પછી કરવામાં આવશે.

(૧૨) પ્રોસીકયુશન તરફે આંક–૧૯ થી સાહેદ નં. ૫ તરીકે ભોગબનનારનો પુરાવો થયેલ છે આ સાહેદ તેના પુરાવામાં પોતે ધોરણ–૭ સુધી અભ્યાસ કર્યાનું જણાવે છે અને બનાવ બાબતે જણાવે છે. આ સાહેદનો પુરાવો જોતા તે પોતાની જન્મ તારીખ કે ઉંમર બાબતે પુરાવામાં જણાવતા નથી આ ભોગબનનારના વિશેષ પુરાવાની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

(૧૩) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે આંક–૨૨ થી સાહેદ નં. ૬ તરીકે કિરણભાઈ વાઘજીભાઈ દામોરને તપાસવામાં આવેલ છે આ સાહેદ તલાટી કમ–મંત્રી તરીકે પખાજણ ખાતે ફરજ બજાવે છે અને ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર પોતે આપેલ અને તેમાં સહી અને હોદાનુ સીલ હોવાનુ જણાવી આંક–૨૩ થી રજુ કરે છે અને ભોગબનનારની જન્મની નોંધણી રજીસ્ટરમાં આગળના તલાટીએ કયા આધારે કરેલી તેની પોતાને જાત માહિતી નથી અને પોતે ભોગબનનારના જન્મનું અસલ રજીસ્ટર લાવેલ છે જેમાં અનુક્રમ નં.૬ થી જન્મના રજીસ્ટરમાં નોંધણી કરવામાં

આવેલ છે જે રજીસ્ટરની ખરી નકલ આંક–૨૪ થી રજુ કરે છે અને તે ખરી નકલમાં પોતાના હોદાના સહી અને સિકકા હોવાનુ જણાવે છે અને પોતાની ઓફીસમાં ભોગબનનારના જન્મની નોંધણી જે પુરાવાના આધારે થઈ તે કાગળો ઓફીસમાં શોધતા મળેલ નથી તેમ જણાવે છે.

**(૧૩.૧)** આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં સાહેદ કબુલ કરે છે કે, જે તે સમયે નોંધણી કરનાર તલાટીએ જન્મની નોંધણી કયા આધાર પુરાવાને આધારે કરેલ છે તેની પોતાને જાત માહિતી નથી અને તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ છે અને જન્મ તારીખની નોંધણી કયા ડોકયુમેન્ટને આધારે કરેલ છે તે ડોકયુમેન્ટનો ઉલ્લેખ જન્મ નોંધણી રજીસ્ટરમાં નથી અને આ જન્મ નોંધ બાબતે પોતાને અંગત જાત માહિતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતે રેકર્ડના આધારે જુબાની આપે છે.

**(૧૪)** ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે આંક–૨૫ થી સાહેદ નં. ૭ તરીકે મનીષભાઈ ભગુભાઈ રાઠોડને તથા આંક– ૩૧ થી સાહેદ નં. ૮ તરીકે ઠાકોરભાઈ શનાભાઈ સોલંકીને તપાસેલ છે આ સાહેદનો પુરાવો જોતા તે ગુનાવાળી જગ્યાના આંક–૨૬ ના પંચનામાના પંચો છે અને આ સાહેદોના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર અંગે કોઈ પુરાવો આવતો નથી. આ સાહેદના વિશેષ પુરાવાની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

**(૧૫)** ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે આંક–૩૩ થી સાહેદ નં. ૯ તરીકે પ્રવિણભાઈ માવજીભાઈ વાઘેલા પી.એસ.ઓ. ને તપાસવામાં આવેલ છે આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ પી.એસ.ઓ. ની ફરજ ઉપર ૨૦૨૩ માં વાગરા પો.સ્ટે.માં હતા ત્યારે પી.એસ.આઈ. શ્રી ખટાણાએ ફરીયાદીની ફરીયાદ લીધેલ જે આ સાહેદને નોંધવા આપતા

નોંધેલી સ્ટેશન ડાયરીમાં એન્ટ્રીની ખરી નકલ રજુ કરે છે જેમાં પી.આઈ.શ્રી સહી હોવાનુ જણાવી આંક–૩૪ થી રજુ કરે છે. આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ કબુલ કરે છે કે, પોતે ફરીયાદ નોંધી સ્ટેશન ડાયરીમાં નોંધ કરી અને તપાસ સોંપેલ, આ સિવાય કોઈ કામગીરી કરેલ નહી, આ સાહેદના મૌખિક પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર બાબતે કઈ જણાવતા નથી.

(૧૬) પ્રોસીકયુશન તરફે આંક–૩૫ થી સાહેદ નં. ૧૦ તરીકે રાજાભાઈ લક્ષ્મણભાઈ ખટારાનો પુરાવો થયેલ છે આ સાહેદ ફરીયાદીની ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારી છે આ સાહેદનો પુરાવો જોતા તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ વાગરા પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ આપતા પોતે ફરીયાદ લઈ પી.એસ.ઓ. પાસે ગુનો રજીસ્ટર કરાવી તપાસ સંભાળેલી બનાવ વાળી જગ્યાનું આંક–૨૬ થી બે પંચોની સહીથી તથા પોતાની રૂબરૂમાં પંચનામું કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને ભોગબનનારનુ જન્મનું પ્રમાણપત્ર ફરીયાદ સાથે રજુ કરેલ જે આંક–૨૩ થી રજુ હોવાનુ જણાવે છે અને ભોગબનનારની માતા ધ્વારા ફરીયાદ આપેલ જે આંક–૧૨ થી રજુ હોવાનુ અને તેમાં ભોગબનનારની માતાના અંગુઠાનો નિશાન તથા રૂબરૂપણામાં પોતાની સહી હોવાનુ જણાવે છે તથા કલમ ઉમેરાના રીપોર્ટ આંક–૩૬ માં પોતાની સહી હોવાનુ જણાવે છે અને તે રીપોર્ટ કર્યાનુ જણાવે છે. ભોગબનનારનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ નુ નિવેદન લેવા યાદી કરેલ તેમાં પોતાની સહી હોવાનુ જણાવી આંક–૩૭ થી રજુ કરે છે. પોતાની અન્ય જગ્યાએ બદલી થતા ચાર્જશીટ પી.એસ.આઈ. શ્રી એ.કે. જાડેજાએ કરેલ. આ સાહેદના પુરાવામાં આરોપી તરફે વિ.વ.શ્રીએ જણાવેલ કે આરોપીની ઓળખની તકરાર નથી. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં ખોટી તપાસ કરી ખોટી

રીતે આરોપીને સંડોવેલ હોવાનો ઈન્કાર કરે છે. પંચોની ગેરહાજરીમાં ખોટા પંચનામા ઉભા કરેલ હોવાનુ કે સાહેદોના નિવેદન પોતે પોતાની જાતે સાહેદોની ગેરહાજરીમાં લખી લીધેલ હોવાનુ કે ભોગબનનાર બનાવ સમયે પુખ્ત હોવાનુ કે પોતે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન હોવાનું ઈન્કાર કરે છે.

(૧૭) પ્રોસીકયુશન તરફે આંક–૪૩ થી સાહેદ નં.૧૧ તરીકે અનિતાબા કનકસિંહ જાડેજાનો પુરાવો થયેલ છે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા, સને ૨૦૨૩ માં પી.એસ.આઈ. આર.એલ. ખટાણા વાગરા પો.સ્ટે.માં હતા ત્યારે ફરીયાદીની માતાએ ફરીયાદ આપેલ જે આંક–૧૨ થી રજુ હોવાનુ જણાવે છે અને તપાસના કામે ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર આંક–૨૩ થી રજુ છે,આંક–૨૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચો રૂબરૂ કરવામાં આવેલ જેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં આર.એલ. ખટાણાની સહી છે, આંક–૩૬ થી કલમ ઉમેરાનો રીપોર્ટ તથા આંક–૩૭ થી ભોગબનનારનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન લેવા શ્રી ખટાણાએ યાદી કરેલ અને શ્રી ખટાણાની બદલી થતા પોતે ચાર્જ સંભાળેલો અને આરોપી વિરુઘ્ઘ પુરતા પુરાવા હોય ચાર્જશીટ દાખલ કરેલ તેમ જણાવેલ. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે જેમાં કબુલ કરે છે કે, પોતે માત્ર ચાર્જશીટ દાખલ કરેલી તે સિવાય કોઈ કામગીરી કરેલ નથી અને ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર સંબંધે કોઈ ખરાઈ કરેલ હોય તેવુ બનેલ નથી. ગુનાવાળી જગ્યાના પંચનામા વાંચેલ હોય તેવુ બનેલ ન હોવાનો કે આરોપી વિરુઘ્ઘ પુરતા પુરાવા ન હોવા છતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

(૧૮) ઉપરોકત પુરાવો જોવામાં આવે તો સોહેદ નં. ૧ ભોગબનનારની માતાના પુરાવામાં ભોગબનનારની ઉંમર બનાવ વખતે ૧૪ વર્ષ હોવાનુ અને ભોગબનનારની જન્મની નોંધણી ભોગબનનારની માતાના માતાએ કરાવ્યાનુ

અને પીપળીયા જન્મ થયાનું પુરાવામાં આવે છે અને આ સાહેદ ફરીયાદી છે અને આંક–૧૨ થી જે ફરીયાદ રજુ થયેલ છે તેમાં ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ હોવાનુ જણાવેલ છે અને ફરીયાદ તા.૨૧/૦૩/૨૦૨૩ એ આપેલ અને બનાવ તા.૨૭/૦૨/૨૦૨૩ ના સાંજના પાંચેક વાગ્યે બન્યાનું ફરીયાદમાં જણાવવામાં આવેલ છે અને જે ઉપરોકત પુરાવો રજુ થયેલ છે તે જોવામાં આવે તો ભોગબનનાર તેના પુરાવામાં પોતે ધોરણ–૭ સુધી ભણ્યાનું જણાવે છે ભોગબનનાર તેના પુરાવામાં પોતાની જન્મ તારીખ જણાવતા નથી તેમજ આંક–૨૨ ના સાહેદ તલાટી કમ મંત્રી કિરણભાઈ વાઘજીભાઈનો પુરાવો જોતા તેણે ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર આંક–૨૩ થી રજુ કરેલ અને ભોગબનનારની જન્મ રજીસ્ટરમાં આગળના તલાટીએ નોંધ કરેલ જે નોંધણી રજીસ્ટરની ખરી નકલ આંક–૨૪ થી રજુ કરે છે અને તલાટી મંત્રી કબુલ કરે છે કે, જન્મ નોંધ બાબતે પોતાને જાત માહિતી નથી અને જન્મ તારીખની નોંધણી કયા ડોકયુમેન્ટના આધારે કરેલ છે તે ડોકયુમેન્ટનો ઉલ્લેખ જન્મ રજીસ્ટરમાં નથી અને જે તે સમયે નોંધણી તલાટીએ કયા આધાર પુરાવાના આધારે કરેલ તેની જાત માહિતી નથી. આ તલાટી કમ મંત્રીનો પુરાવો જોતા આ તલાટી કમ મંત્રી આંક–૨૩ થી જન્મનો દાખલો અને આંક–૨૪ થી જન્મ રજીસ્ટરની ખરી નકલ રજુ કરે છે પરંતુ આ તલાટી કમ મંત્રી તેના સોગંદ ઉપરના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કઈ છે તે મૌખિક રીતે જણાવતા નથી તેમજ આંક–૩૩ ના સાહેદ નં. ૯ થી પી.એસ.ઓ. પ્રવિણભાઈ માવજીભાઈ પણ તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ જણાવતા નથી તેમજ આંક–૧૦ ના સાહેદ રાજાભાઈ રમણભાઈ ખટાણા જે ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારી છે તે તેના પુરાવામાં ફરીયાદ સાથે જન્મનું પ્રમાણપત્ર આંક–૨૩ થી રજુ થયાનું જણાવે છે અને ઉલટતપાસમાં ભોગબનનાર બનાવ સમયે પુખ્ત હોવાનો ઈન્કાર કરે છે. આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ જણાવતા નથી

અને આ સાહેદે પોતે ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરેલ હોય કે તપાસ કરેલ હોય તે બાબતે સ્પષ્ટ પુરાવો આપતા નથી માત્ર ફરીયાદ સાથે જન્મનું પ્રમાણપત્ર રજુ કર્યાનું જણાવે છે અને તપાસ કરનાર અધિકારી અનિતાબા કનકસિંહ જાડેજા સાહેદ નં.૧૧ નો આંક–૪૩નો પુરાવો જોતા તે આંક–૨૩ નું ભોગબનનારનું જન્મનુ પ્રમાણપત્ર તપાસના કામે રજુ હોવાનુ જણાવે છે અને આ સાહેદનો પુરાવો જોતા તેમણે માત્ર ચાર્જશીટ દાખલ કરેલ છે અને કબુલ કરે છે કે ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર સંબંધે કોઈ ખરાઈ કરેલ હોય એવુ બનેલ નહી. આ તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોતા તેમાં તેમના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ સ્પષ્ટ રીતે જણાવતા નથી જેથી બંને તપાસ કરનાર અધિકારીના પુરાવા જોવામાં આવે તો બંને તપાસ કરનાર અધિકારી ભોગબનનારની જન્મ તારીખ જણાવતા નથી અને બંને તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોતા ભોગબનનારની જન્મ તારીખ આંક–૨૩ ના ડોકયુમેન્ટ જન્મ પ્રમાણપત્ર બાબતે પોતે ખરાઈ કરી હોઈ તેવુ પણ જણાતુ નથી અને તપાસ કરનાર અધિકારી અનિતાબા કનકસિંહ જાડેજા સાહેદ નં. ૧૧ કબુલ કરે છે કે, તેણે જન્મ પ્રમાણપત્ર બાબતે કોઈ ખરાઈ કરેલ નથી, જેથી આ બંને તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોતા તે ભોગબનનારની જન્મ તારીખ બાબતે શા માટે ખરાઈ કરી નથી તેનો પણ ખુલાસો કરતા નથી તે જણાય છે.

(૧૮.૧) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે સાહેદ નં. ૧ તરીકે ભોગબનનારના માતૃશ્રીને તપાસેલ છે તેનો જે ઉપરોકત પુરાવો જોતા તે ભોગબનનારની જન્મ તારીખ તેના પુરાવામાં જણાવતા નથી અને અમુક હકીકતે ફરી ગયેલા પણ જાહેર થાય છે અને પ્રોસીકયુશન તરફે સાહેદ નં. ૨ કે જે ભોગબનનારના નાની તેના પુરાવામાં ભોગબનનારના જન્મની તારીખ પણ જણાવતા નથી અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં. ૧ તેમના પુરાવામાં

ભોગબનનારના જન્મની નોંધ પોતાના માતાએ કરાવેલ હોવાનુ જણાવે છે, પરંતુ સાહેદ નં. ૨ ભોગબનનારના નાનીનો પુરાવો જોતા કે જે ભોગબનનારની માતાની માતા જણાય છે તેના પુરાવામાં તે ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પણ જણાવતા નથી અને ભોગબનનારનો જન્મ પીપળીયા થયાનુ કે પોતે જન્મની નોંધણી કરાવેલ હોવાનુ જણાવતા નથી અને તે અમુક હકીકતે ફરી ગયેલા જાહેર છે અને ભોગબનનારના મામી સાહેદ નં. ૩ નો ઉપરોકત પુરાવો જોતા તે પણ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પુરાવામાં જણાવતા નથી તેમજ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો સાહેદ નં. ૪ વિલાસબેન રાઠોડનો તથા સાહેદ નં.૭ મનીષભાઈ ભગુભાઈ રાઠોડ આંક–૨૬ ના ગુનાવાળી જગ્યાના પંચ તેમજ ઠાકોરભાઈ સનાભાઈ સોલંકી સાહેદ નં.૮ આંક–૨૬ ના ગુનાવાળી જગ્યાના પંચનામા પંચનો પુરાવો જોવામાં આવે તો તેઓના પુરાવામાં પણ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર રેકર્ડમાં આવતી નથી તેમજ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદ નં. ૯ પ્રવિણભાઈ માવજીભાઈ વાઘેલા પી.એસ.ઓ.ના પુરાવામાં પણ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર રેકર્ડમાં આવતી નથી તેમજ સાહેદ નં. ૫ ભોગબનનાર કે જેનો આંક–૧૯ થી પુરાવો થયેલ છે તેનો પુરાવો જોવામાં આવે તો તેના પુરાવામાં પણ ભોગબનનાર પોતે પોતાની જન્મ તારીખ કે ઉંમર જણાવતા નથી. ધોરણ ૭ સુધી અભ્યાસ કરેલ છે તેટલુ જણાવે છે જેથી પ્રોસીકયુશન તરફે આ કામે તપાસ કરનાર અધિકારી સહિત કુલ ૧૧ સાક્ષી તપાસવામાં આવેલ છે પરંતુ કોઈ પણ સાહેદના પુરાવામાં મૌખિક રીતે ભોગબનનારની જન્મ તારીખ જણાવવામાં આવેલ નથી તે જણાય છે અને પ્રોસીકયુશન તરફે ઉપરોકત સાહેદ તલાટી કમ મંત્રી કિરણભાઈ વાઘજીભાઈ દામોરનો સાહેદ નં.૬ તરીકેનો પુરાવો ઉપરોકત પુરાવા સાથે ધ્યાને લેવામાં આવે તો આ તલાટી કમ મંત્રીએ પોતે જન્મની નોંધ કરેલ નથી અને કયા પુરાવાને આધારે જન્મ નોંધણી અગાઉના તલાટીએ કરેલ છે તેની પણ માહિતી

નથી અને જન્મ નોંધ બાબતે અંગત માહિતી નથી અને જન્મ નોંધણી કયા ડોકયુમેન્ટના આધારે કરેલ  છે તે ડોકયુમેન્ટનો ઉલ્લેખ જન્મ નોંધ રજીસ્ટરમાં નથી અને પોતે રેકર્ડના આધારે જુબાની આપતા હોવાનુ જણાવે છે અને આ તલાટી કમ મંત્રીનો પુરાવો જોતા તેને જન્મ નોંધણી અંગે અંગત જાત માહિતી હોવાનુ જણાતુ નથી અને પ્રોસીકયુશન તરફે ઉપરોકત તપાસવામાં આવેલ સાહેદો કે જેમાં ફરીયાદી કે જે ભોગબનનારની માતૃશ્રી છે તેનો પુરાવો જોતા તે પણ ભોગબનનારની જન્મ તારીખ જણાવતા નથી અને આંક–૧૨ ની ફરીયાદ જોતા તેમાં પણ ભોગબનનારની જન્મ તારીખ દર્શાવેલ નથી અને જે આંક–૨૩ નુ જન્મ પ્રમાણપત્ર રજુ થયેલ છે તેમાં જન્મ  તારીખ ભોગબનનારની ૨૧/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે અને નોંધણી ક્રમાંક ૬ નોંધણી તા.૩૦/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે અને જે પ્રમાણપત્ર આંક–૨૩ રજુ થયેલ છે તે પ્રમાણપત્ર તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજ ઈસ્યુ થયેલ છે એટલે કે હાલની ફરીયાદ આંક–૧૨ તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ દાખલ થયેલ છે અને જન્મ પ્રમાણપત્ર તા.૨૯/૦૩/૨૦૨૩ના રોજ ઈસ્યુ થયેલ છે જેથી આંક–૨૩ નું પ્રમાણપત્ર ફરીયાદ દાખલ થયા પછી ૮ દિવસે ઈસ્યુ થયેલ છે જયારે તપાસ કરનાર અધિકારી કે જે ફરીયાદ લેનાર પણ છે તે સાહેદ નં. ૧૦ રાજાભાઈ લક્ષ્મણભાઈ ખટાણા તેના આંક–૩૫ ના પુરાવામાં ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર ફરીયાદ સાથે રજુ કરેલ જે આંક–૨૩ થી રજુ છે  તે રીતે સોગંદ ઉપર જણાવે છે, જેથી આ સાહેદ કે જે ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારી છે તેના કહેવા મુજબ આંક–૨૩ નું ભોગબનનારનુ જન્મ પ્રમાણપત્ર કે જે અસલ છે તે તા.૨૧/૦૩/૨૦૨૩ ની આંક–૧૨ ની ફરીયાદ સાથે રજુ થયેલ છે પરંતુ આંક–૨૩ નુ ભોગબનનારનું જન્મ પ્રમાણપત્ર તા.૨૯/૦૩/૨૦૨૩ પ્રમાણપત્ર કાઢી આપ્યાનુ જણાય છે જેથી આંક–૨૩ નું જન્મ પ્રમાણપત્ર આંક–૧૨ ની તા.૨૧/૦૩/૨૦૨૩ ની ફરીયાદીની ફરીયાદ સાથે રજુ થયાનું માની શકાય નહી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦ રાજાભાાઈ લક્ષ્મણભાઈ ખટાણા આ

બાબતે એટલે કે આંક–૨૩ નુ પ્રમાણપત્ર ફરીયાદ સાથે રજુ થયાનુ જે જણાવે છે તે ખોટો પુરાવો આપતા હોય તેવુ સ્પષ્ટપણે જણાય છે.

(૧૯) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧ અનિતાબા કનકસિંહ જાડેજા તેના પુરાવામાં તપાસના કામે ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક–૨૩ થી રજુ છે તેવુ સરતપાસમાં જણાવે છે અને ઉલટતપાસમાં કબુલ કરે છે કે,પોતે માત્ર ચાર્જશીટ દાખલ કરેલ છે તે સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી અને ભોગબનનારના જન્મના પ્રમાણપત્ર સંબંધે કોઈ ખરાઈ કરેલ હોય તેવુ બનેલ નહી આ પુરાવો જોતા આ તપાસ કરનાર અધિકારીએ આ જન્મનું પ્રમાણપત્ર કયાથી આવેલ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા કરતા નથી પરંતુ પોતે ચાર્જશીટ દાખલ કર્યા સિવાય કોઈ કામગીરી કરેલ નથી તેમ જણાવે છે અને આ સાહેદનો પુરાવો જોતા તેણે પોતે ભોગબનનારના જન્મ તારીખની ખરાઈ કરીને આંક–૨૩ નું જન્મ પ્રમાણપત્ર મેળવેલ હોય તે જણાતુ નથી તેમજ ફરીયાદી સાહેદ નં. ૧ તેના પુરાવામાં આંક–૨૩ ના જન્મ પ્રમાણપત્ર બાબતે કોઈ પુરાવો આપતા નથી અને ભોગબનનારના માતૃશ્રીના પુરાવામાં જન્મનું પ્રમાણપત્ર વિ.એ.પી.પી.સુશ્રીએ બતાવેલ પણ નથી એટલે ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં. ૧ નોપુરાવો જોતા તેણે આંક–૨૩ નુ જન્મ પ્રમાણપત્ર રજુ કરેલ હોય તેવુ તેમનુ કહેવુ નથી તેમજ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના સાહેદ નં. ૨ થી ૫ અને ૭ થી ૯ નો પુરાવો જોવામાં આવે તો તેઓ આંક–૨૩ ના જન્મ પ્રમાણપત્ર બાબતે પુરાવામાં કઈ જણાવતા નથી તેમજ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ભોગબનનારનો પુરાવો જોતા તે પણ તેના પુરાવામાં આંક–૨૩ ના જન્મ પ્રમાણપત્ર બાબતે કોઈ પુરાવો આપતા નથી તેમજ ફરીયાદી સાહેદ નં. ૧ એવુ કહે છે કે તેમની માાતાએ ભોગબનનારની જન્મની નોંધણી કરાવેલ છે, પરંતુ ભોગબનનારના

માતાની માતા પણ તેના સાહેદ નં. ૨ તરીકેના પુરાવામાં આંક–૨૩ ના જન્મ પ્રમાણપત્ર બાબતે કોઈ પુરાવો આપતા નથી અને સાહેદ નં. ૬ તલાટી કમ મંત્રી કિરણભાઈ વાઘજીભાઈનો પુરાવો જોતા તે જણાવે છે કે આંક–૨૩ નુ પ્રમાણપત્ર તેમણે આપેલ પરંતુ આંક–૨૩ નુ પ્રમાણપત્ર તેઓએ કોને આપેલ તે જણાવતા નથી અને આંક–૨૩ નું પ્રમાણપત્ર ગુનાની ફરીયાદ થયા બાદ અપાયેલ છે અને આ સાહેદ નં.૬ નો પુરાવો જોતા તપાસ કરનાર અધિકારીએ તેમની પાસે પ્રમાણપત્ર માંગેલ હોય અને તેમણે તપાસ કરનાર અધિકારીને ખરાઈ કરીને આપેલ હોય તેવુ પણ જણાવતા નથી તેમજ જન્મ પ્રમાણપત્ર આંક–૨૩ વાળુ ફરીયાદીને આપ્યાનુ પણ જણાવતા નથી અને પુરાવા કાયદાની કલમ–૩૫ ને સાથે ધ્યાને લેવામાં આવે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદ નં. ૧ થી ૫ તથા ૭ થી ૧૧ ના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ સ્પષ્ટ રીતે જણાવવામાં આવતી નથી અને સાહેદ નં.૬ કે જે તલાટી કમ મંત્રી તે કિરણભાઈ વાઘજીભાઈ પણ ભોગબનનારની જન્મ તારીખ સ્પષ્ટ રીતે જણાવતા નથી માત્ર આંક–૨૩ નો ભોગબનનારનો જન્મનો દાખલો અને આંક–૨૪ ના જન્મ રજીસ્ટરના સંબંધિત એન્ટ્રીવાળા પાનાની ખરી નકલ રજુ કરે છે પરંતુ સાહેદ નં.૬ તલાટી કમ મંત્રીને જન્મ નોંધણી અંગે કોઈ અંગત જાત માહિતી નથી અને પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલ કોઈ સાહેદ ભોગબનનારની જન્મ તારીખ મૌખિક પુરાવામાં સ્પષ્ટ રીતે જણાવતા નથી આ હકીકતને સાથે ધ્યાને લેવામાં આવે અને જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ) ૨૦૧૫ ની કલમ–**94**(2)(ii) ની જોગવાઈ ધ્યાને લેતા ગ્રામ પંચાયત તરફે તલાટી કમ મંત્રીએ આપેલ જન્મનો દાખલો ધ્યાને લઈ શકાય તે બાબતે જોગવાઈ છે પરંતુ ઉપરોકત જે ચર્ચા કરેલ છે અને સાથે જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩૪ ની જોગવાઈ ધ્યાને લેતા ભોગબનનારની ઉંમર અંગે અનુમાન કરવા અનુસરવાની કાર્યરીતી બાબતે જણાવેલ

છે અને ભોગબનનાર બનાવ વખતે સગીર હતા તે પુરવાર કરવાનો બોજો પણ પ્રોસીકયુશન ઉપર છે તે ધ્યાને લેવામાં આવે અને આ કામના પ્રોસીકયુશનના તપાસવામાં આવેલ સાહેદો તેના મૌખિક પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૦૩/૨૦૦૯ ની હોવાનું સ્પષ્ટ રીતે જણાવતા નથી અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારી આંક–૨૩ ના ભોગબનનારના જન્મના દાખલા બાબતે જે રીતે પુરાવો આપે છે તે ધ્યાને લેતા અને આંક–૨૩ નો દાખલો તપાસ કરનાર અધિકારી પાસે ફરીયાદ સાથે આવેલ હોવાનુ ઉપરોકત કરેલ ચર્ચાની રીતે જણાતુ નથી અને સાહેદ નં. ૬ ને પોતાને આંક–૨૪ના જન્મ રજીસ્ટરમાં ભોગબનનારની એન્ટ્રી બાબતે અંગત જ્ઞાન નથી અને તે સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા અને તપાસ કરનાર અધિકારીનો પણ પુરાવો અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા આંક–૨૩ના જન્મના દાખલા બાબતે પણ મહત્વની શંકા ઉભી થાય છે તે જણાય છે અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૦ અને ૧૧ એ ભોગબનનારની જન્મ તારીખની કોઈ ખરાઈ કરેલ નથી અને આરોપી તરફે સાહેદનં. ૧૦ ના પુરાવામાં બનાવ સમયે ભોગબનનાર પુખ્ત હોવાનુ સુચન કરેલ જેનો સાહેદ નં. ૧૦ અને ઈન્કાર કરેલ છે તેને સાથે ધ્યાને લેતા બંને તપાસ કરનાર અધિકારીનો પુરાવો પણ ભોગબનનારની જન્મ તારીખ બાબતે પ્રોસીકયુશનને મદદરૂપ થતો નથી તે જણાય છે અને કરેલ ચર્ચા ધ્યાને લેતા અને પુરાવા કાયદાની કલમ–૩૫ ની જોગવાઈ સાથે ધ્યાને લેતા તપાસવામાં આવેલ સોહદોના પુરાવા જોતા ભોગબનનારની જન્મ તારીખ બાબતે સાહેદ નં. ૧ થી ૫ અને ૭ થી ૧૧ ના પુરાવાનું સ્પષ્ટપણે સમર્થન સાહેદ નં. ૬ ના પુરાવાને મળતુ નથી આ હકીકત ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તારીખ બાબતે મહત્વની શંકાઓ ઉભી થાય છે જેનો લાભ આરોપીને આ બાબતે મળવા પાત્ર છે.

(૨૦) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૧ તરીકે આંક–૧૧ થી ભોગબનનારના માતૃશ્રીને તપાસવામાં આવેલ છે આ સાહેદ ફરીયાદી પણ છે આ સાહેદનો પુરાવો જોતા બનાવ આશરે વર્ષ કે દોઢ વર્ષ પહેલા બનેલો બનાવની તારીખ કે સમય પોતાને હાલ ચોકકસ યાદ નથી, બનાવના દિવસે પોતે પોતાના ઘરે હતી અને ભોગબનનાર દીકરી ઘરની પાછળ વાડામાં નાહવા બેઠેલી બાથરૂમ પાકુ છે પણ તેમાં દરવાજો નથી તે સમયે મહેશ અરવિંદ વાડાની બહારની બાજુએથી અંદરની બાજુએ દારૂ પીને આવીને પડેલો તે સમયે ભોગબનનાર દીકરીએ પોતાને બુમ પાડીને જણાવેલ કે મહેશ અંદર આવીને પડેલ અને સાહેદ તેમને પકડવા ગયેલ તે સમયે ભાગી ગયેલ ત્યારબાદ પોતે મહેશની મમ્મીને તે બાબતે કહેવા ગયેલ કે પોતાના છોકરાને જોવો અને સમજાવો પરંતુ તેની મમ્મી પોતાને વઢવા લાગેલ અને મહેશનો ભાઈ પોતાને મારવા દોડેલ અને ભોગબનનારને પણ મહેશના ભાઈએ માર મારેલ અને પોતે કેસ કરવાનુ જણાવતા પોતાને કહેલ કે તમારે જે કરવુ હોય એ કરો તેવુ કહેતા પોતે પો.સ્ટે.માં ફરીયાદ કરેલી જે અસલ ફરીયાદ જોઈને કહે છે કે તેમાં પોતાનો અંગુઠો છે આંક–૧૨ થી રજુ કરે છે.

(૨૦.૧) આ સાહેદ અમુક હકીકતે ફરી ગયેલા જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે તેમાં જણાવે છે કે,''એ વાત ખરી નથી કે મે મારી પોલીસ ફરીયાદમાં એવુ લખાવેલ છે અને એવુ બનેલ છે કે મારી દીકરીએ મને જણાવેલ કે હું વાડામાં નવાણીયામાં નાહવા આવી ત્યારે મહેશ અરવિંદ રાઠોડ વાડાના પાછળના ભાગેથી આવી મારો હાથ પકડી મારા શરીરે અડપલા કરવા લાગેલ જેથી મે બુમાબુમ કરતા મહેશ મને ગાળો આપી કહેવા લાગેલ કે કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ.'' આ રીતે વિ. એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે.

(૨૦.૨) આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં કબુલ કરે છે કે પોતાને લખતા વાંચતા આવડતુ નથી અને નગીનભાઈ પોતાની સાથે પો.સ્ટે. ફરીયાદ આપવા આવેલ હતા અને ફરીયાદમાં પોતે માત્ર અંગુઠો કરેલ છે ફરીયાદમાં શું લખેલ છે તે અંગે પોતાને કોઈ જાત માહિતી નથી અને જયારે નવાણીયા માં નાહવા જાય ત્યારે કોઈ અજાણી વ્યકિત સીધી રીતે નવાણીયા માં પ્રવેશ કરી શકે નહી અને પોતાના ઘરની નજીક ઘણા બધા રહેણાકના મકાનો તથા ખેતરો આવેલા છે અને વસ્તીવાળો વિસ્તાર હોવાથી ત્યાં લોકોની અવરજવર રહે છે અને કહેવાતો બનાવ બન્યો તે અગાઉ આરોપી વિરુધ્ધ કોઈ પણ જાતની ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી અને કહેવાતો કોઈ બનાવ બનેલ નથી, માત્ર શકના આધારે ફરીયાદ આપેલ છે. આ રીતે ફરીયાદીની ઉલટતપાસ થયેલ છે.

(૨૧) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે સાહેદ નં. ૨ તરીકે ભોગબનનારના નાનીને તપાસેલા છે આ સાહેદ તેના પુરાવામાં પોતે પીપળીચા પોતાના ઘર પરિવાર સાથે રહે છે અભણ છે એક માણસ પોતાના વાડામાં આવેલો પરંતુ તેનુ નામ પોતાને યાદ આવતુ નથી જેણે ભોગબનનાર પૌત્રીનો હાથ પકડેલો હતો, ભોગબનનાર પૌત્રી બુમાબુમ કરતા પોતે તથા પોતાની દીકરી વાડા તરફ ચાલ્યા અને બધા ભેગા થઈ ગયા હતા જયા ભોગબનનાર પૌત્રીનો હાથ જે માણસે પકડેલો હતો તે માણસનુ નામ પોતાને ખબર નથી. પોતાને ઓછુ સંભળાતુ હોવાથી ત્યાં શુ થયુ હતુ તે પોતે જાણતી નથી, એ સિવાય બીજુ કશુ બનેલુ નથી પોલીસે પોતાનો જવાબ લીધેલો તેના વિશે પોતાને હાલમાં યાદ નથી.

(૨૧.૧) આ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, ''એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ રૂબરૂના

નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે અને એવુ બનેલ છે કે તા.૨૧/૦૩/૨૦૨૩ના નિવેદનમાં એવી હકીકત લખાવેલ કે તા.૨૭/૦૨/૨૦૨૩ના રોજ સાંજના પાંચ વાગે પોતે તથા પોતાની છોકરી ઘરમાં હાજર હતા ત્યારે મારી પૌત્રી(ભોગબનનાર) નાહવા માટે ગઈ હતી અને થોડી વારમાં મારી પૌત્રીનો બુમાબુમનો અવાજ આવતા હુ તથામારી છોકરી વાડામાં જતા અમારા ફળીયામાં રહેતો મહેશ અરવિંદ રાઠોડ મારી પૌત્રીનો હાથ પકડી ગાળો બોલતો હતો જેથી હુ તથા મારી છોકરી તથા માર છોકરાની વહુ ભોગબનનારને છોડાવવા જતા મહેશ ગાળો બોલી મારી છોકરીને ધકકો મારીને નાસી ગયેલો જેથી અમોએ ભોગબનનારને પુછતા તેણે જણાવેલ હતુ કે હુ વાડામાં નાવણીયામાં નાહવા આવી ત્યારે આ મહેશ અરવિંદ રાઠોડનાઓ વાડાના પાછળના ભાગેથી આવી મારા શરીરે હાથ ફેરવવા લાગેલ જેથી મેં બુમાબુમ કરતા મને ગાળો આપવા લાગેલો અને કહેલ કે કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવુ મારી પૌત્રી એ જણાવેલુ હતુ જેથી બનાવ બનતા અમો ખુબ ગભરાઈ ગયેલા હતા અને ઈજજત જવાની બીકે ફરીયાદ આપેલી નથી પરંતુ અમારા ફળીયાના લોકોના હિંમત આપતા અમોએ ફરીયાદ આપેલ.'' આ રીતે સાહેદ જણાવે છે.

(૨૧.૨) આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં કબુલ કરે છે કે, બનાવ પોતે નજરે જોયેલો નહી, ફરીયાદ અંગે પોતાને કોઈ જાત માહિતી નથી.

(૨૨) પ્રોસીકયુશન તરફે આંક-૧૪ થી સાહેદ નં. ૩ તરીકે ભોગબનનારના મામીને તપાસવામાં આવેલા છે આ સાહેદનો પુરાવો જોતા પોતે પીપળીયા પોતાના ઘર પરિવાર સાથે રહે છે,પોતે અભણ છે પોતે બનાવ સમયે ઘરમાં હતા અચાનક ભોગબનનારે બુમાબુમ કરતા પોતે ઘરથી બહાર નીકળેલા, મહેશે ભોગબનનાર ભાણીને કહેલ કે જો તુ કશુ કહીશ તો હુ તને મારી નાખીશ, આરોપી મહેશ

ભોગબનનાર સાથે મારામારી કરતો હતો, એ સિવાય બીજુ કશુ બનેલુ નથી,પોલીસે પોતાનો જવાબ લીધેલો તે વિશે પોતાને હાલમાં યાદ નથી.

**(૨૨.૧)** આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે જેમાં કબુલ કરે છે કે, બનાવ પોતે નજરે જોયેલો નહી, પોતે બહાર નીકળી ત્યારે મહેશ ભોગબનનારને ગાળા ગાળી આપતો હોય તેવો કોઈ બનાવ બનેલો નહી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ બનાવ પોતે નજરે જોયો હતો, પોલીસે પોતાની કોઈજાતની પુછપરછ કરેલી નહી, કબુલ કરે છે કે,પોલીસે પોતાને નિવેદન વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી.

**(૨૩)** ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો પ્રોસીકયુશન તરફે આંક–૧૫ થી સાહેદ નં. ૪ તરીકે વિલાસબેન ઉદેસંગ મંગળભાઈ રાઠોડને તપાસેલા છે, આ સાહેદ તેના પુરાવામાં પોતે પીપળીયા પોતાના ઘર પરિવાર સાથે રહે છે, પોતે અભણ છે. બનાવ સમયે પોતે ઘરમાં હતા અચાનક ભોગબનનારે બુમાબુમ કરતા પોતે ઘરની બહાર નિકળેલા. પોતે ઘરની બહાર નિકળેલા ત્યારે ભોગબનનારનો કોઈએ હાથ પકડેલો હતો, પરંતુ તે કોણ હતો તે પોતાને ખબર નથી, બનાવ પોતે નજરે જોયેલો નથી.

**(૨૩.૧)** આ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, ''એ વાત ખરી નથી કે, મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે અને એવુ બનેલ છે કે, તા.૨૭/૦૨/૨૦૨૩ નાં રોજ હું તથા મારા પતિ ઉદેસીંગ ઘરમાં હાજર હતા તે વખતે ભોગબનનારનાં ઘરમાંથી અવાજ આવતા હું તથા મારા પતિ તેઓનાં વાડાનાં ભાગે જઈને જોયેલ તો અમારા ફળીયામાં રહેતો મહેશ અરવિંદ રાઠોડ વાડાનાં ભાગેથી ભાગી જતા જોયેલો હતો, જેથી અમોએ પુછપરછ કરતા હું વાડામાં નાવણીયામાં નાહવા આવી

ત્યારે આ મહેશ અરવિંદ રાઠોડનાઓ વાડાનાં પાછળનાં ભાગેથી આવી મારા શરીરે હાથ ફેરવવા લાગેલ, જેથી મે બુમાબુમ કરતા મને ગાળો આપવા લાગેલો અને કહેલ કે, કોઈને કહીશ તો જાનથી મારી નાંખીશ તેવું મારી પૌત્રીએ જણાવેલ હતુ, જેથી બનાવ બનતા અમો ખુબ ગભરાઈ ગયેલા હતા.'' આ રીતે સાહેદ જણાવે છે.

(૨૩.૨) આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં કબુલ કરે છે કે, બનાવ પોતે નજરે જોયેલો નહી. પોલીસે પોતાની કોઈ પુછપરછ કરેલ નહી અને પોલીસે પોતાને કોઈ નિવેદન વાંચી સંભળાવેલ નહી.

(૨૪) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, પ્રોસીકયુશન તરફે આંક–૧૯ થી સાહેદ નં. ૫ તરીકે ભોગબનનારને તપાસવામાં આવેલા છે આ સાહેદનો પુરાવો જોતા પોતાનાં માતા–પિતા ખેત મજુરી કામ કરે છે. પોતે ધો. ૭ સુધી અભ્યાસ કરેલ છે. પોતે પાંચ બહેનો છે, પોતાને ભાઈ નથી. આરોપી મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડ પોતાનાં ગામનાં ફળીયામાં રહે છે, જેથી ઓળખે છે. પોતે બાથરૂમમાં નહાવા બેઠી હતી ત્યારે વાડ કુદીને આ કામનો આરોપી વાડામાં આવેલ હતો અને બાથરૂમમાં અંદર પેસી ગયેલો અને પોતાનો હાથ પકડી લીધેલો. પોતે પોતાના માતાને બુમ પાડવા ગઈ તો પોતાને આરોપીએ મારવાની ધમકી આપેલ હતી. પોતાએ બુમાબુમ કરતા પોતાના મમ્મી તરત જ આવી ગયેલા હતા. આ સાહેદનો વધુ પુરાવો જોતા સાહેદ જણાવે છે કે, ''મારા મામા, મામી તથા અન્ય લોકો બુમ પાડતા તરત જ આવી ગયેલા. આરોપી મને હાથ પકડીને ઘસેડતો હતો અને મારી મમ્મી આવી જતા મને ધકકો મારીને નાસીને જતો રહેલ હતો અને આરોપી જતો રહેલો અને ત્યારબાદ પાછો આવીને અમારી સાથે ઝઘડો કરવા લાગેલો. આરોપીએ મારા મામા તથા મારા મમ્મીને ધકકો મારેલો.'' આ સાહેદનો વધુ પુરાવો જોતા, તેમાં આરોપીનાં વિ.વકીલશ્રી જણાવે છે કે,

આરોપીની ઓળખની તકરાર નથી અને મુદ્દામાલની ઓળખની તકરાર નથી. આ સાહેદનો વધુ પુરાવો જોતા, વિ. મેજીસ્ટ્રેટશ્રી સમક્ષનું પોતાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન જોઈને સાંભળીને કહે છે કે, કે જેમાં પોતાની સહી છે જે નિવેદન આંક–૨૦ થી રજુ થાય છે અને તા. ૨૨/૦૩/૨૦૨૩ નાં રોજનું નિવેદન સાંભળીને કહે છે કે, જે પોતે લખાવેલ છે.

(૨૪.૧) આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ છે જેમાં જણાવે છે કે, બનાવ કંઈ તારીખે બન્યો તે અંગેની પોતાને કોઈ જાતમાહિતી નથી. સાહેદ કબુલ કરે છે કે, પોતે ધો. ૭ સુધીનો અભ્યાસ કરેલ છે, પરંતુ પોતાને લખતા–વાંચતા આવડતું નથી અને પોતાને પાંચ બહેનોમાંથી પોતાની બે બહેનોનાં લગ્ન થઈ ગયેલા છે, જેથી ઘરની તમામ જવાબદારી તથા કામકાજ પોતે કરી લે છે, પોતાને પોતાના સારા નરસાની ખબર છે. કાંટાની વાડ હોવાથી કોઈ સીધી રીતે કુદીને આવી ન શકે તેનો ઈન્કાર કરે છે અને સ્વૈચ્છાએ જણાવે છે કે, કાંટાની વાડ નથી ફકત પાળી છે. પોતાનાં માતૃશ્રીએ નગીનભાઈનાં કહેવાથી ફરીયાદ આપેલી હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને આજુબાજુ રહેણાંકનાં ઘરો આવેલા છે અને લોકોની અવરજવરનો વિસ્તાર છે અને સાંજના સમયે લોકોની અવરજવર રહે છે. ઘરની પાસે જે વાડ છે તેની સામે એક નાળુ આવેલું છે. કબુલ કરે છે કે, રાતના સમયે ગામનાં લોકો અને ફળીયાનાં લોકો નાળા પર બેસે છે અને સાંજના સમયે ગામનાં લોકો પીધેલી હાલતમાં નાળા પર બેસે છે અને બનાવનાં દિવસે આરોપી પીધેલી હાલતમાં વાડા પાસે પડેલા હતા. કહેવાતો કોઈ બનાવ બનેલ ન હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, પોતે બુમાબુમ કરતા પોતાના માતા તથા ફળીયાનાં લોકો ભેગા થઈ ગયેલા. કબુલ કરે છે કે, આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. જજ સાહેબ સમક્ષનું નિવેદન પોતાના મમ્મીનાં કહેવાથી લખાવેલ

હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, પોલીસ રૂબરૂનું નિવેદન પોતાના મમ્મીનાં કહેવાથી લખાવેલ નથી અને પોતે પોતાની જાતે લખાવેલ છે. કબુલ કરે છે કે, જજ સાહેબે સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ નું નિવેદન પોતાને વાંચી સંભળાવેલ નથી.

**(૨૪.૨)** ઉપરોકત હકીકતે જોવામાં આવે તો, ભોગબનનારનું આંક–૨૦ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન રજુ થયેલ છે, તે જોવામાં આવે તો, તેમાં જણાવેલ છે કે, ''હું પીપલીચા મુકામે મારી મમ્મી સાથે રહુ છું, મારા ઘરમાં બીજા ચાર બહેનો છે, મમ્મી ખેતરમાં કામ કરે છે હું સ્કુલે જતી નથી. હું મારી મમ્મી સાથે ખેતીનું જ કામ કરુ છુ. હું બનાવનાં દિવસે ન્હાવા માટે બાથરૂમમાં બેસી હતી, ત્યારે મારા ફળીયાનો મહેશ નામનો છોકરો પાળી કુદીને બાથરૂમમાં આવી ગયો અને મને પકડી રાખી, પછી મે બુમો પાડી તો મારા મમ્મી ત્યાં આવી જતા મહેશે મને તથા મારા મમ્મીને ધકકો મારીને જતો રહેલો. મહેશે મને માર્યુ પણ હતું. એ મારી સાથે જબરજસ્તી કરવા માંગતો હતો, પરંતુ મારા મમ્મી આવી જતા કરી શકયો નહી. ત્યારબાદ મારા ઘરની સામે આવીને મારી અને મારી મમ્મી સાથે ઝઘડો કરવા લાગેલો. મહેશે મને મારા ગાલ ઉપર તમાચો માર્યો. ત્યારબાદ મારા મામાને પણ મહેશે માર માર્યો, તે સિવાય મારે બીજુ કાંઈ કહેવું નથી. ''

**(૨૫)** ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, પ્રોસીકયુશન તરફે આંક–૨૫ થી સાહેદ નં. ૭ તરીકે મનીષભાઈ ભગુભાઈ રાઠોડ તેમજ આંક–૩૧ થી સાહેદ નં. ૮ તરીકે ઠાકોરભાઈ શનાભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે. આ બન્ને આંક–૨૬ નાં પંચનામાના પંચ છે. સાહેદ નં. ૭ મનીષભાઈ ભગુભાઈ રાઠોડ પોલીસે પોતાને ફરીયાદીનાં ઘરે પંચમાં રહેવા બોલાવેલ અને પોલીસે ભોગબનનારની છેડતી બાબતે પંચનામું કરવા બોલાવેલ અને આંક–૨૬

નાં પંચનામામાં પંચ નં. ૨ તરીકે સહી હોવાનું જણાવે છે તે સિવાયની પંચનામાની કોઈ હકીકતને સમર્થન કરતા નથી ફરી ગયેલા જાહેર થયેલ છે અને એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટતપાસમાં ઈન્કાર કરતા જવાબ આપે છે અને અને આરોપી તરફેની ઉલટતપાસમાં કબુલ કરે છે કે, તૈયાર પંચનામાં ઉપર પંચ નં. ૨ તરીકે પોતાની સહી લીધેલી અને પંચનામું કંઈ બાબતનું છે તે અંગેની પોતાને કોઈ જાતમાહિતી નથી. સાહેદ નં. ૮ ઠાકોરભાઈ શનાભાઈ તેનાં પુરાવામાં જણાવે છે કે, પોતાને ફરીયાદી દવારા તેમનાં ઘરે પંચ તરીકે રહેવા માટે બોલાવવામાં આવેલ હતા, સૌપ્રથમ પોતાને પૂર્વ દિશામાં લઈ ગયા હતા તે છાણ, માટી લીંપણવાળુ મકાન હતુ, પશ્ચીમ તરફ નાવણીયુ આવેલુ હતુ, પૂર્વ તરફે દરવાજો હતો, પરંતુ તે બેસાડેલો ન હતો, ઉત્તરનાં ભાગે ખુલ્લો વાડો હતો અને પડતર જમીન આવેલી હતી અને દક્ષીણ તરફ નવીનગરીમાં જવાનો રસ્તો આવેલો હતો. સદર ગુનાવાળી જગ્યાએથી પોલીસે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી અને આંક–૨૬ નું પંચનામું જોઈને કહે છે કે, પંચ નં. ૧ તરીકે પોતાની સહી છે પોતાની સાથે પંચ નં. ૨ તરીકે મનીષભાઈ ભગુભાઈ રાઠોડ હતા.

**(૨૫.૧)** આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ. વકીલશ્રીએ કરેલ છે, જેમાં કબુલ કરે છે કે, ફરીયાદીને પોતે ઘણી સારી રીતે ઓળખે છે અને ફરીયાદી સાથે પોતાને સંબંધો પણ ઘણા સારા છે. પોતાને પંચનામું કરવા માટે ફરીયાદી કંઈ તારીખે કેટલા વાગ્યે બોલાવવા આવેલ તે અંગેની પોતાને કોઈ જાતમાહિતી નથી. કબુલ કરે છે કે, પોલીસે પોતાને પંચનામાં સંબંધીત કોઈપણ જાતની માહિતી આપેલ નહી અને બનાવવાળી જગ્યાએ પોતાને રોકાવાનો કોઈ પ્રસંગ બનેલ નહી અને પોલીસે તૈયાર પંચનામામાં પોતાની સહી લીધેલી આ રીતે પુરાવો આપે છે.

(૨૬) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારે પોલીસ રૂબરૂ પોતાનું નિવેદન આપેલ છે તે જોવામાં આવે તો, તપાસ કરનાર અધિકારી શ્રી આર.એલ.ફટાણાએ વુમન પોલીસ કોન્સ્ટેબલ રેશ્માબેન નારાયણભાઈ તથા સુપ્રિટેન્ડેન્ટ ચિલ્ડ્રન હોમ ગર્લ્સ,ભરૂચ પટેલ નસીમબાનું એફ. ની રૂબરૂ લીધેલુ છે તે નિવેદન જોવામાં આવે તો, પ્રશ્ન જવાબમાં છે જેમાં ભોગબનનાર પોતાનું નામ જણાવે છે તેમજ પોતાનાં માતા–પિતાનું નામ જણાવે છે અને ભોગબનનારને પુછવામાં આવેલ કે તમે કંઈ શાળામાં કેટલા ધોરણમાં અભ્યાસ કરો છો ? તેનાં જવાબમાં ભોગબનનાર જણાવે છે કે, હાલમાં હું ભણતી નથી, પરંતુ પોતે ધોરણ ૬ સુધી પોતાના ગામની શાળામાં ભણેલ છે અને ભોગબનનાર તે શાળાનું નામ ગામ સહીત જણાવે છે. ત્યારબાદ ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, તમે કેટલા ભાઈ–બહેન છો ? જેનાં જવાબમાં ભોગબનનાર જણાવે છે કે, પોતાની સાથે બીજા ચાર બહેનો છે અને પોતાને ભાઈ નથી. ત્યારબાદ ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડને ઓળખો છો ? તેનાં જવાબમાં ભોગબનનાર હા પાડે છે. ત્યારબાદ ભોગબનનારને આઈ.ઓ.એ પુછેલ છે કે, મહેશભાઈને કેવી રીતે ઓળખો છો ? તેનાં જવાબમાં ભોગબનનાર જણાવે છે કે, મહેશભાઈ અમારા ફળીયામાં રહે છે, જેથી ઓળખું છું. ત્યારબાદ ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડે તમારી સાથે શું કર્યુ હતું ? તેનાં જવાબમાં ભોગબનનાર જણાવે છે કે, વીસેક દિવસ પહેલા સાંજના પાંચેક વાગ્યે હું મારા ઘરની બાજુમાં આવેલ નાવણીયામાં ન્હાવા માટે ગયેલ હતી આ વખતે મહેશ વાડાનાં ભાગેથી નાવણીયામાં આવી મારો હાથ પકડી મને બાથ મારી દીધેલ હતી, જેથી હું ખુબ ગભરાઈ ગયેલ હતી અને બુમો પાડતા મારી મમ્મી તથા ફળીયાનાં માણસો આવી જતા મહેશ ભાગી ગયેલ હતો. આ રીતે ભોગબનનારે તપાસ કરનાર અધિકારીને જણાવેલ છે.

(૨૭) ઉપરોકત પુરાવો જોવામાં આવે અને આરોપી સામે જે તહોમત છે તે ઈ.પી.કો. કલમ **354 A (1) (1)** ના ભંગ બદલ **354 A (2)** તથા **354, 354(B), 323, 504, 506(2), 447, 451, 452** અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ–**7** ના ભંગ બદલ **8, 9(L)** ના ભંગ બદલ **10** તેમજ કલમ–**11(4)** ના ભંગ બદલ **12** મુજબનુ છે આ હકીકત ઘ્યાને રાખી અને જે ઉપરોકત કરેલ ચર્ચા જોતા ભોગબનનારની જન્મ તારીખ બાબતે પુરાવામાં ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે શંકા ઉભી થાય છે તેને સાથે ઘ્યાને લેતા અને ઉપરોકત પ્રોસીકયુશનના સાહેદોનો પુરાવો જોતા, ઉપરોકત રીતે ભોગબનનારના માતા સાહેદ નં. ૧ અમુક હકીકતોએ ફરી ગયેલ જાહેર થયેલ છે તેમજ ભોગબનનારના નાની સાહેદ નં. ૩ પણ તેનો ઉપરોકત પુરાવો જોતા, મહત્વની હકીકતોએ ફરી ગયેલ જાહેર થયેલ છે તેમજ સાહેદ નં. ૪ વિલાસબેન ઉદેસંગ પણ અમુક હકીકતોએ ફરી ગયેલ જાહેર થયેલ છે અને પંચ સાહેદ નં. ૭ નો પુરાવો જોતા તે સ્પષ્ટપણે પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતા નથી અને પંચ સાહેદ નં. ૮ ની ઉલટતપાસ જોતા, બનાવવાળી જગ્યાએ પોતાને કોઈ રોકાવાનો પ્રસંગ બનેલ નહી અને તૈયાર પંચનામામાં પોલીસે સહી લીધેલી તેમ પણ જણાવે છે, જેથી આ પંચ સાહેદોનો પુરાવો સ્પષ્ટપણે પ્રોસીકયશુનના કેસને મદદરૂપ થતો નથી તે જણાય છે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદ નં. ૧૦ રાજાભાઈ લક્ષ્મણભાઈ ખટાણા કે જે ફરીયાદ લેનાર અને તપાસ કરનાર અધિકારી છે તેમજ સાહેદ નં. ૧૧ અનીતાબા કનકસિંહ જાડેજા તપાસ કરનાર અધિકારી છે તેનો ઉપરોકત પુરાવો અને કરેલ ચર્ચા સાથે ઘ્યાને લેતા, તેઓએ ભોગબનનારની જન્મ તારીખની આંક–૨૩ નો ભોગબનનારના જન્મનો દાખલો કરનાર ઈસ્યુ કરનાર ઓથોરીટી પાસે તપાસમાં તેઓએ ખરાઈ કરેલ નથી અને તેમનો પુરાવો જોતા, તે બન્ને આઈ.ઓ. એ ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર બાબતે કોઈ તપાસ કરેલ નથી તેવું તેનો પુરાવો જોતા જણાય છે,

જેથી ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા, પ્રોસીકયુશન ભોગબનનારની જન્મ તા. ૨૧/૦૩/૨૦૦૯ હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને સાથે આં ક–૨૩ નો જન્મનો દાખલો અને આંક–૨૪ નુ જન્મનું રજીસ્ટર અને ડોકયુમેન્ટ ઉપરોકત કરેલ ચર્ચા જોતા પુરવાર કરી શકતું નથી તે જણાય છે. ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનારનાં માતૃશ્રી સાહેદ નં. ૧ નો પુરાવો જોતા, તે બનાવ વર્ષ કે દોઢ વર્ષ પહેલા બનેલાનુ, પરંતુ તેને બનાવની તારીખ કે સમય ચોકકસ યાદ નથી તેવું જણાવે છે અને ભોગબનનારનાં માતૃશ્રીનો પુરાવો ધ્યાને લેતા, ભોગબનનાર દિકરી ઘરની પાછળ વાડામાં ન્હાવા બેહેલી હોવાનું અને બાથરૂમ પાકુ છે, પરંતુ તેનો દરવાજો નથી તેમ જણાવે છે અને ભોગબનનાર સાહેદ નં. ૫ તેનાં પુરાવામાં જણાવે છે કે, પોતે બાથરૂમમાં ન્હાવા બેઠી હતી ત્યારે આરોપી વાડ કુદીને વાડામાં આવેલ હતો અને બાથરૂમમાં પેસી ગયેલો તેમ જણાવે છે અને ભોગબનનારનાં માતૃશ્રી તેમની ઉલટતપાસમાં ફરીયાદમાં માત્ર અંગુઠો કરેલ છે, ફરીયાદમાં શું લખેલ છે તે અંગેની પોતાને કોઈ જાતમાહિતી નથી અને કબુલ કરે છે કે, જયારે નવાણીયામાં કોઈ ન્હાવા જાય ત્યારે કોઈ અજાણી વ્યકિત સીધી રીતે નવાણીયામાં પ્રવેશ કરી શકે નહી અને કબુલ કરે છે કે, કહેવાતો કોઈ બનાવ બનેલ નથી, માત્ર શકનાં આધારે ફરીયાદ કરેલ છે અને વિ. એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટતપાસમાં ઉપરોકત કરેલ ચર્ચાની રીતે મહત્વની હકીકતોએ ફરીયાદી સમર્થન કરતા નથી તે જણાય છે, જેથી ફરીયાદીનો પુરાવો જોતા પુરાવામાં એકસુત્રતા નથી તે જણાય છે અને ફરીયાદી તેનાં પુરાવામાં આરોપી વાડની બહારની બાજુથી અંદર બાજુએ દારૂ પીને આવેલો પડેલો તે સમયે ભોગબનનારે પોતાને બુમ પાડીને જણાવેલ કે, મહેશ અંદર આવીને પડેલ છે અને પોતે પકડવા ગયેલ તે સમયે આરોપી ભાગી ગયેલ અને પોતે આરોપીનાં મમ્મીને કહેવા ગયેલ અને આરોપીનાં માતૃશ્રી વઢવા લાગેલ અને આરોપીનો ભાઈ મારવા દોડેલ

અને આરોપીનાં ભાઈએ માર મારેલ અને પોતાને કેસ કરવાનું જણાવતા પોતાને કહેલ કે, તમારે જે કરવુ હોય તે કરો, જેથી પોતે ફરીયાદ કરેલાનું જણાવે છે, પરંતુ આંક–૧૨ ની ફરીયાદ જોતા, તે ફરીયાદની વિગત ઠરાવનાં પેરા–૧ માં જણાવેલ છે, તેમાં આરોપીનો ભાઈ મારવા દોડેલ હોવાનું, પોતે આરોપીનાં માતૃશ્રીને ત્યાં ગયેલ હોવાનું અને આરોપીનાં ભાઈએ પોતાને માર મારેલ હોવાનું ફરીયાદી સાહેદ નં. ૧ નાએ જણાવેલ નથી, જેથી ફરીયાદ અને ફરીયાદીનો પુરાવો જોતા, મહત્વની હકીકતે વિરોધાભાષ તેનાં પુરાવામાં આવે છે, જે કેસનાં મુળમાં અસર પણ કરે છે અને ફરીયાદી ઉલટતપાસમાં કહેવાતો કોઈ બનાવ બનેલ નથી તેવું પણ જણાવે છે, જેથી ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બની રહે છે અને તેનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય છે.

(૨૮) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારે જે ઉપરોકત પુરાવો આપેલ છે તેને જોવામાં આવે અને તેણે જે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું આંક–૨૦ નું નિવેદન આપેલ છે અને તપાસ કરનાર અધિકારી રૂબરૂનું તા. ૨૨/૦૩/૨૦૨૩ નું નિવેદન ધ્યાને લેવામાં આવે તે પોલીસ રૂબરૂનાં નિવેદનમાં આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે આરોપીએ ગાળો આપેલ હોય તેવું ભોગબનનારે પોલીસને જણાવેલ નથી તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નાં ભોગબનનારનાં આંક–૨૦ નાં નિવેદનમાં આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે ભોગબનનારને ગાળો આપેલ હોય તેવું ભોગબનનારે જણાવેલ નથી તેમજ આંક–૨૦ નું નિવેદન જોતા, તેમાં ભોગબનનાર જણાવે છે કે, આરોપીને તેને માર્યુ હતુ અને પોતાને ગાલ ઉપર તમાચો માર્યો અને પોતાને ઘરની સામે આવીને પોતાની અને પોતાની મમ્મી સાથે ઝઘડો કરવા લાગેલ અને પોતે બનાવનાં દિવસે ન્હાવા માટે બાથરૂમમાં બેઠી હતી ત્યારે મહેશ પાળી કુદીને બાથરૂમમાં આવી ગયેલ અને પોતાને પકડી રાખેલ અને પોતે બુમો પાડી તો પોતાનાં મમ્મી ત્યાં આવી જતા

મહેશ પોતાને તથા પોતાનાં મમ્મીને ધકકો મારીને જતો રહેલ આ રીતે જણાવે છે. જયારે સોગંદ ઉપરનાં પુરાવામાં પોતાને ગાલ ઉપર આરોપીએ માર મારેલ હોય તેવું જણાવેલ નથી અને આરોપીએ પોતાનાં મામા તથા મમ્મીને ધકકો માર્યાનુ અને પોતાને ધકકો માર્યાનું જણાવે છે, પરંતુ આંક–૨૦ નાં નિવેદનમાં ભોગબનનાર પોતાના મામાને આરોપીએ માર માર્યો તેવું જણાવે છે, જેથી ભોગબનનાર મામાને માર માર્યાની હકીકત પોતાના સોગંદ ઉપરનાં આંક–૧૯ નાં પુરાવામાં જણાવતી નથી, આ ભોગબનનારનો પુરાવો તથા ભોગબનનારનું તા. ૨૨/૦૩/૨૩ નું પોલીસ રૂબરૂનું નિવેદન તથા આંક–૨૦ નું મેજીસ્ટ્રેટ રૂબરૂનું ભોગબનનારનું નિવેદન ધ્યાને લેવામાં આવે અને ભોગબનનારનો ઉલટતપાસનો પુરાવો જોતા, પુરાવામાં એકસુત્રતા સ્પષ્ટ રીતે જણાતી નથી અને ઉલટતપાસમાં ભોગબનનાર કબુલ કરે છે કે, બનાવનાં દિવસે આરોપી પીધેલી હાલતમાં વાડ પાસે પડેલ હતો અને વધુમાં કબુલ કરે છે કે, પોતે બુમાબુમ કરતા પોતાના માતા તથા ફળીયાનાં લોકો ભેગા થઈ ગયેલ અને આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી. આ જે ભોગબનનારનો પુરાવો જોવામાં આવે તો, આરોપી પીધેલ હાલતમાં વાડ પાસે પડેલા હતા તેવું ભોગબનનાર જણાવે છે અને આંક–૧૨ ની ફરીયાદ અને ચાર્જશીટ જોવામાં આવે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે બન્ને તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોતા આરોપી બનાવ વખતે પીધેલો હતો એટલે કે દારૂ પીધેલો હતો તેવું બન્ને તપાસ કરનાર અધિકારી જણાવતા નથી અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં. ૧ તેનાં આંક–૧૧ નાં પુરાવામાં આરોપી વાડની બહારની બાજુથી અંદરની બાજુએ દારૂ પીને આવીને પડેલો તેવું જણાવે છે, પરંતુ આંક–૧૨ ની ફરીયાદમાં આરોપી દારૂ પીને આવેલો હોય કે આરોપી દારૂ પીને પડેલો હોય તેવું ફરીયાદી જણાવતા નથી અને બન્ને તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૦ અને ૧૧ નો પુરાવો જોતા તે પણ તેનાં પુરાવામાં આરોપી

દારૂ પીને આવેલાનું જણાવતા નથી, જેથી તે રીતે પ્રોસીકયુશન આ સાહેદોનાં પુરાવામાં આ હકીકતે એકસુત્રતા જણાતી નથી.

(૨૯) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર તેનાં પુરાવામાં આરોપી પોતાને ધકકો મારીને નાસીને જતો રહેલો અને ત્યારબાદ પાછો આવીને અમારી સાથે ઝઘડો કરવા લાગેલો તેવું જણાવે છે, પરંતુ ભોગબનનારનો તા. ૨૨/૦૩/૨૦૨૩ નું પોલીસ રૂબરૂનું નિવેદન જોતા, આરોપી પાછો આવીને ઝઘડો કરવા લાગેલ તે બાબતે જણાવેલ નથી અને આંક–૧૨ ની ફરીયાદ જોતા તેમાં પણ આરોપી ફરીથી આવેલ અને ઝઘડો કરવા લાગેલ તે બાબત સ્પષ્ટ રીતે જણાવેલ નથી, જેથી તે રીતે પુરાવામાં એકસુત્રતા જણાતી નથી.

(૩૦) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર તેનાં પુરાવામાં આરોપી પોતાને ઘસડતો હતો તેવું જણાવે છે. આંક–૧૨ ની ફરીયાદ જોતા આરોપીએ ભોગબનનારને ઘસડેલ હોય તેવું સ્પષ્ટ રીતે ફરીયાદમાં નથી જણાવેલ તેમજ ભોગબનનારનાં તા. ૨૨/૦૩/૨૦૨૩ નાં પોલીસ રૂબરૂનાં નિવેદનમાં આરોપીએ ભોગબનનારને ઘસડેલ હોય તેવું જણાવેલ નથી તેમજ આંક–૨૦ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નાં નિવેદનમાં પણ આરોપીએ ભોગબનનારને ઘસડેલ હોય તેવું સ્પષ્ટ રીતે જણાવેલ નથી, જેથી તે રીતે પુરાવામાં એકસુત્રતા જણાતી નથી.

(૩૧) ઉપરોકત હકીકત વધુ જોવામાં આવે તો, સાહેદ નં. ૨ ભોગબનનારના નાનીનો પુરાવો જોતા, એક માણસ વાડામાં આવેલો અને તેણે ભોગબનનાર છોકરીનો હાથ પકડેલો અને છોકરી બુમાબુમ કરતા પોતે તથા પોતાની છોકરી વાડા તરફ ચાલ્યા હતા અને બધા ભેગા થઈ ગયા હતા તેમ જણાવે છે, પરંતુ તે હાથ પકડેલો વ્યકિત કોણ હતો તે ખબર ન હોવાનું જણાવે છે અને પોતાને ઓછુ સંભળાતુ હોય ત્યાં શું થયુ તે જાણતી નથી તેમ

જણાવે છે અને એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટતપાસમાં ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે મહત્વની હકીકતો બાબતે ઈન્કાર કરે છે અને સમર્થન કરતા નથી તેવું જણાવે છે અને આરોપી તરફે ઉલટતપાસમાં બનાવ પોતે જોયેલો નહી અને ફરીયાદ અંગે કોઈ જાતમાહિતી નથી તેવું જણાવે છે, જેથી આ સાહેદનો પુરાવો જોતા, આ સાહેદનાં પુરાવામાં વિશ્વસનીયતા જણાતી નથી, પુરાવામાં એકસુત્રતા નથી, જેથી આ સાહેદનાં પુરાવામાં શંકા ઉભી થાય છે.

(૩૨) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, સાહેદ નં. ૩ ભોગબનનારના મામીનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો ધ્યાને લેતા, તે ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવ નજરે જોયેલ નથી અને પોતે બહાર નિકળી ત્યારે મહેશ ભોગબનનારને ગાળાગાળી આપતો હોય તેવો કોઈ બનાવ બનેલ નથી અને ત્યારબાદ સ્વૈચ્છાએ જણાવે છે કે, બનાવ પોતે નજરે જોયેલ હતો અને વધુ જોતા પોલીસે પોતાની કોઈ પુછપરછ કરેલ નથી તેમ જણાવે છે અને સરતપાસમાં ભોગબનનારે અચાનક બુમાબુમ કરતા પોતે બહાર નિકળેલ, આરોપીએ ભોગબનનારને કહેલ કે, જો તું કશું કહીશ તો હું તને મારી નાંખીશ, આરોપી ભોગબનનાર સાથે મારામારી કરતો હતો, આ સિવાય બીજુ કાંઈ બનેલ નથી. પોલીસે પોતાનો જવાબ લીધેલો તેનાં વિશે પોતાને હાલમાં યાદ નથી. આ ભોગબનનારનાં મામી સાહેદ નં. ૩ નો પુરાવો જોતા અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા, પુરાવામાં એકસુત્રતા નથી અને વિરોધાભાષી પુરાવો આપે છે અને સાહેદ કબુલ કરે છે કે, બનાવ નજરે જોયેલ નથી, ત્યારબાદ વિરોધાભાષી જણાવે છે, જેથી આ સાહેદનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી.

(૩૩) ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે અને સાહેદ નં. ૪ વિલાસબેન ઉદેસંગનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો જોતા, ભોગબનનારે બુમાબુમ કરતા પોતે ઘરની બહાર નિકળેલ અને ત્યારે ભોગબનનારનો કોઈએ હાથ પકડેલ,

પરંતુ તે કોણ હતો તે આ સાહેદને ખબર નથી. સાહેદ જણાવે છે કે, બનાવ પોતે નજરે જોયેલ નથી અને આ સાહેદ મહત્વની હકીકતોએ ફરી ગયેલા જાહેર થયેલ છે અને ઉપરોકત કરેલ ચર્ચા પ્રમાણે ઈન્કાર કરતા જવાબો આપેલ છે અને પોલીસે કોઈ પુછપરછ કરેલ નથી તેમ પણ જણાવે છે, જેથી આ સાહેદનો પુરાવો જોતા પુરાવામાં એકસુત્રતા જણાતી નથી અને વિશ્વસનીય પુરાવો જણાતો નથી તે પણ જણાય છે.

(૩૪) ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે તો, પ્રોસીકયુશનનાં ઉપરોકત ચર્ચા કરેલ સાહેદોનાં પુરાવામાં એકસુત્રતા જણાતી નથી, વિશ્વસનીય પુરાવો નથી તે પણ જણાય છે અને ભોગબનનાર તેનાં પુરાવામાં બનાવ કંઈ તારીખે બનેલ તે અંગે પોતાને કોઈ જાતમાહિતી ન હોવાનું જણાવે છે અને ભોગબનનારનો સમગ્ર પુરાવો જોતા બનાવ કેટલા સમય પહેલા બનેલો તે બાબતે પણ કોઈ સ્પષ્ટ હકીકત જણાવતા નથી અને ભોગબનનારનાં માતૃશ્રી સાહેદ નં. ૧ બનાવ આશરે વર્ષ કે દોઢ વર્ષ પહેલા બનેલો તેમ જણાવે છે, પરંતુ તેને બનાવની તારીખ કે સમય પોતાને ચોકકસ યાદ નથી તેમ જણાવે છે અને ઉપરોકત જે સાહેદોનો પુરાવો છે તે સાથે ધ્યાને લેતા, તે સાહેદો પુરાવામાં એકસુત્રતા જણાય તેવો પુરાવો આપતા નથી અને વિરોધાભાષી પુરાવો આપે છે અને પ્રોસીકયુશનનાં મુળમાં અસર કરે તેવો વિરોધાભાષી પુરાવો છે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ભોગબનનારની જન્મ તારીખ પણ પુરવાર થતી નથી અને સાહેદોનો પુરાવો જોતા, બનાવનાં સમયગાળા અંગે પણ પુરાવામાં એકસુત્રતા જણાતી નથી અને સાહેદોનો પુરાવો જોતા, જે ભોગબનનાર માર માર્યાનું, પોતાને તથા માતૃશ્રીને ધકકો માર્યાનુ તથા ભોગબનનારનાં મામાને માર્યાનું ઉપરોકત કરેલ ચર્ચાની રીતે તે જણાવે છે, પરંતુ પ્રોસીકયુશને ભોગબનનારનાં મામાને સાહેદ તરીકે તપાસેલ નથી અને ભોગબનનારને કે તેનાં મામાને કોઈ વ્યથા થઈ હોય તો

તે બાબતે કોઈ સારવાર લીધી છે કે નહી ? તે બાબતે પણ પુરાવામાં સ્પષ્ટ જણાવવામાં આવતું નથી તેમજ ભોગબનનારનાં માતૃશ્રીને જે ધકકો માર્યાનું ઉપરોકત રીતે જે જણાવવામાં આવેલ છે તો તેને કોઈ ઈજા થયેલ કે કેમ ? અને તેણે કોઈ સારવાર લીધેલ છે કે કેમ ? તે બાબતે પણ સ્પષ્ટ રીતે જણાવવામાં આવતું નથી.

(૩૫) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર તેનાં તા. ૨૨/૦૩/૨૦૨૩ નાં પોલીસ રૂબરૂનાં નિવેદનમાં આરોપીએ હાથ પકડીને બાથ ભરી દીધેલ તેવું જણાવે છે અને ભોગબનનારનો સાહેદ નં. ૫ તરીકેનો પુરાવો જોતા, તેમાં આરોપીએ હાથ પકડી લીધેલ તેટલુ જણાવે છે, પરંતુ આરોપીએ બાથ ભરી હોય તેવું ભોગબનનાર જણાવતા નથી અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું આંક–૨૦ નું નિવેદન જોતા તેમાં પોતાને પકડી રાખી પછી પોતે બુમ પાડી તો મમ્મી ત્યાં આવી જતા આરોપીએ પોતાને તથા પોતાના મમ્મીને ધકકો મારીને જતો રહેલો, પોતાને આરોપીએ માર્યુ, પોતાની સાથે આરોપી જબરજસ્તી કરવા માંગતો હતો પણ પોતાના મમ્મી આવી જતા કરી શકયો નહી, ત્યારબાદ આરોપીએ આવીને પોતાની અને પોતાના મમ્મી સાથે ઝઘડો કરવા લાગેલો, આરોપીએ ગાલ ઉપર તમાચો માર્યો, મામાને પણ મહેશે માર્યુ તેવું જણાવે છે, પરંતુ ભોગબનનારના પુરાવામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નાં નિવેદનની સંપૂર્ણ હકીકતને ભોગબનનાર એકસુત્રતા જળવાઈ તે રીતે વિશ્વસનીય રીતે સમર્થન કરતા નથી તે જણાય છે.

(૩૬) ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા, ભોગબનનાર અને તપાસમાં આવેલ ઉપરોકત સાહેદોનો પુરાવો જોતા વિશ્વસનીય પુરાવો જણાતો નથી અને પુરાવામાં મહત્વનો વિરોધાભાષ આવે છે અને કરેલ ચર્ચા અને પુરાવો જોતા, આક્ષેપીત બનાવ કે બનાવનો સમયગાળો સંતોષાય તેવો પણ પ્રોસીકયુશનનાં સાહેદોનાં

પુરાવામાં વિશ્વસનીય પુરાવો રેકર્ડમાં આવતો નથી, જેથી કરેલ ચર્ચા અને પુરાવો ધ્યાને લેતા, બનાવવાળો સમય પણ પ્રોસીકયુશન વિશ્વસનીય રીતે પુરવાર શકતા નથી અને કરેલ ચર્ચા અને પુરાવો જોતા અને સાથે પોકસો એકટની કલમ–૨૯ ની અનુમાનની જોગવાઈ ધ્યાને લેતા અને પ્રોસીકયુશન ફંડામેન્ટલ ફેકટ વિશ્વસનીય રીતે પુરવાર કરી શકેલ નથી તેમજ પોકસો એકટની કલમ–૩૦ માં જે અનુમાન છે તે પુરવાર કરવા માટે જે પ્રાઈમરી બોજો પ્રોસીકયુશન ઉપર છે તે બાબતે પણ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા અને પ્રોસીકયુશન ફંડામેન્ટલ ફેકટ પુરવાર કરી શકેલ ન હોય અને બનાવનો સમયગાળો સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે પુરવાર કરી શકેલ ન હોય અને કરેલ ચર્ચા સાથે ધ્યાને લેતા, બનાવવાળા સમયે ભોગબનનાર સગીર હતી તેવું પણ પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકતી નથી, જેથી પોકસો એકટની કલમ–૩૦ નું અનુમાન પ્રોસીકયુશનને મદદરૂપ થતું નથી.

(૩૭) ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ફરીયાદ તા. ૨૧/૦૩/૨૦૨૩ નાં રોજ દાખલ થયેલ છે અને બનાવ તા. ૨૭/૦૨/૨૦૨૩ નાં રોજ બન્યાનું ફરીયાદમાં જણાવેલ છે અને ધમકી આપેલ હોય અને ઈજ્જત જવાની બીકે ફરીયાદ કરેલ નથી તે બાબતે ઉપરોકત પેરા–૧ માં જણાવેલ ફરીયાદની વિગતે ફરીયાદીએ જણાવેલ છે અને ફળીયાનાં નગીનભાઈ વસાવાએ હિંમત આપતા ફરીયાદ કર્યાનું જણાવે છે, પરંતુ પડેલ પુરાવો જોતા પ્રોસીકયુશન તરફે સાહેદ નગીનભાઈને આ કામે તપાસેલ નથી ન તપાસવા માટે કોઈ ખુલાસો કે પુરાવો નથી અને જે ઉપરોકત પ્રોસીકયુશનના સાહેદોનો પુરાવો આવેલ છે તે પુરાવામાં એકસુત્રતા જણાતી નથી અને વિશ્વસનીય પુરાવો નથી અને ફરીયાદીનો આંક–૧૧ નો પુરાવો જોતા, તેમાં જણાવે છે કે, પોતે કેસ કરવાનું જણાવતા પોતાનાં કહેલ કે, તમારે જે કરવુ હોય તે કરો તેવું કહેતા પોતે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી અને આ સાહેદની ઉલટતપાસ જોતા, નગીનભાઈ પોતાની સાથે પો.સ્ટે.માં ફરીયાદ આપવા આવેલા

અને ફરીયાદમાં પોતે માત્ર અંગુઠો કરેલ છે, ફરીયાદમાં શું લખેલ છે તે અંગે પોતાને કોઈ જાતમાહિતી નથી તેમજ વધુ પુરાવો જોતા કહેવાતો કોઈ બનાવ બનેલ નથી માત્ર શકના આધારે બનાવ બનેલ છે આ પુરાવાને સાથે ધ્યાને લેવામાં આવે અને બનાવ જોતા ભોગબનનારને કયાંય શોધવામાં સમય ગયો હોય તેવું પણ નથી તે ધ્યાને લેતા કરેલ ચર્ચા અને પુરાવો જોતા અને ફરીયાદમાં જે વિલંબનું કારણ લખેલ છે તે ફરીયાદીનાં સોગંદ ઉપરનાં પુરાવામાં સ્પષ્ટ રીતે ફરીયાદી જણાવતા નથી અને ફરીયાદીનો પુરાવાનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે વિશ્વસનીય નથી, એકસુત્રતા નથી, જેથી ફરીયાદ જે વિલંબથી થયેલ છે, જેથી બનાવ બાબતે પણ શંકા ઉભી થાય છે, જેથી ફરીયાદ વિલંબથી હોય તેનો લાભ આ કામનું રેકર્ડ તથા કરેલ ચર્ચા જોતા આરોપીને મળવાપાત્ર છે.

(૩૮) ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા, પ્રોસીકયુશન આરોપી સામેનો જે આક્ષેપીત ગુનો છે તેને સાથે ધ્યાને લેતા અને ભોગબનનાર ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવનાં દિવસે આરોપી પીધેલી હાલતમાં વાડ પાસે પડેલ હતા તે જે જણાવે છે અને ભોગબનનારના ઉપરોકત પુરાવામાં આ સિવાય બીજુ કાંઈ બનેલ નહી તેવું પણ જે જણાવે છે આ સાથે ધ્યાને લેતા તેમજ ફરીયાદી જણાવે છે કે, કહેવાતો કોઈ બનાવ બનેલ નથી, માત્ર શકના આધારે ફરીયાદ આપેલી છે, આ પુરાવાને સાથે ધ્યાને લેતા કરેલ ચર્ચા ધ્યાને લેતા, ભોગબનનાર સાથે આક્ષેપીત બનાવવાળી જગ્યા નાવડીયામાં બાથરૂમમાં આક્ષેપીત બનાવ બન્યાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી કરેલ ચર્ચા અને પુરાવો જોતા, પ્રોસીકયુશન આરોપી સામે આક્ષેપીત ગુનો નિ:શંકપણે સંતોષાય તેવા વિશ્વસનીય પુરાવા રેકર્ડમાં લાવી શકેલ નથી, પ્રોસીકયુશન ગુનાના આવશ્યક તત્વો નિ:શંકપણે સંતોષી શકેલ નથી, જેથી પ્રોસીકયુશન આરોપી સામેનો ઈ.પી.કો. કલમ **354 A (1) (1)** ના ભંગ બદલ **354 A (2)** તથા **354, 354(B), 323, 504, 506(2), 447, 451, 452**

અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મે સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ–**7** ના ભંગ બદલ **8, 9(I)** ના ભંગ બદલ **10** તેમજ કલમ–**11(4)** ના ભંગ બદલ **12** મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી આરોપીને ઉપરોકત આક્ષેપીત ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવા ન્યાયી જણાય છે અને રેકર્ડ જોતાં અને ઉપરોકત જે પુરાવો આવેલ છે અને જે રીતે મહત્વનો વિરોધાભાષ પુરાવામાં છે તે જોતા અને બનાવ પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય અને ભોગબનનાર બનાવ વખતે સગીર હોવાનું પણ પ્રોસીકયુશન નિ:શંકપે પુરવાર કરી શકેલ ન હોય તે હકીકત જોતા અને કરેલ ચર્ચા જોતાં ભોગબનનાર કોઈ વળતર મેળવવા હકકદાર જણાતા નથી, જેથી મુદા નં. ૧ અને ૨ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદાનં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૩૯) આ કામના તહોમતદાર **મહેશભાઈ અરવિંદભાઈ રાઠોડ,** ઉ.વ. ૨૫, ધંધો. નોકરી, રહે. નવીનગરી, પિપલીયા, તા.વાગરા, જી.ભરૂચનાને ક્રિમીનલ પ્રોસીજર કોડનીકલમ–૨૩૫(૧)મુજબ ઈ.પી.કો. કલમ **354 A (1) (1)** ના ભંગ બદલ **354 A (2)** તથા **354, 354(B), 323, 504, 506(2), 447, 451, 452** અને ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મે સેકસયુલ ઓફેન્સની ૨૦૧૨ ની કલમ–**7** ના ભંગ બદલ **8, 9(L)** ના ભંગ બદલ **10** તેમજ કલમ–**11(4)** ના ભંગ બદલ **12** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪૦) ભોગબનનાર જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ના તથા જાતીય ગુનાથી બાળકના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૨૦ના નિયમ–૯ મુજબ કે ગુજરાત વિકટીમ કોમ્પેન્સેસન સ્કીમની જોગવાઈ મુજબ કોઈ વળતર કે સહાય મેળવવા હકકદાર નથી તેવું ઠરાવવામાં આવે છે.

(૪૧) આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકા રજુ કરવા અને તે જામીન તથા જાતમુચરકા ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૩૦૬ મુજબ નાઝરશ્રી, સેસન્સ કોર્ટ, ભરૂચ સમક્ષ રજુ કરવા.

(૪૨) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૫ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં.૯૦૧/૧૯૯૦,તા.૨૨/૧૦/૧૯૮૦ અન્વયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ શહેરનાઓને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૪૩) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૫ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તા.૦૨/૦૯/૨૦૦૫ અન્વયે સંબંધીત પોલીસ સ્ટેશનના પી.આઈ.ને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૪૪) આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય આરોપીને આ ગુનામાંથી જેલ મુકત કરવા સંબંધીત જેલને રીલીઝ વોરંટ મોકલવું.

આ હુકમની નકલ સેસન્સ કોર્ટના નાઝરશ્રી,ભરૂચને મોકલવી.

હુકમ આજરોજ તા.૦૧ લી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડીશ્નલ સેસન્સ
અને સ્પે. પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)